


# મઅરેફત-૨

પ્રકાશક:
અલ્વી હદીસ ગ્રુપ

મૌલાના મોહમ્મદ તકી હાફિઝ
+91 9624829314

# <u>પ્રસ્તાવના</u>

**અલ્હમ્દોલિલ્લાહ મઅરફત એટલે કે અકીદા વિષે ૪૦ સવાલ પછી આપ ણાશિયા અકીદાની વધારે જાણકારી માટે અમુક ખાસ ઓલમાં વિષે થોડીક જાણકારી, થોડીક ખાસ સહાબીઓની જાણકારી અને અમુક ખાસ હદીસોબયાન કરવામાં આવી છે જેથી આપણે અલ્લાહ ની સરખી રીતે ઓળખાણ અને મઅરફત હાસિલ કરી શકીએ.**
**આ દુનિયામાં આપણે અલ્લાહની ઈબાદત માટે આવ્યા છીએ અને અલ્લાહ પોતાની ઓળખાણ માટે નબીઓ અને ઇમામોને મોકલ્યા છે. આપણે નબીઓ અને ઇમામો વિષે જાણકારી હાસિલ કરતા રહીએ છીએ પરતું અમુક ખાસ સહાબીઓ અને ઓલમાંના વિષે જાણકારી હાંસલ કરીએ જેથી ખબર પડે તેઓ કયાં દરજ્જા સુધી અલ્લાહની ઓળખાણ મેળવી હતી અને આપણે કયાં સુધી પોહાચ્યા છીએ અને હજી કેટલા દરજ્જાની જરૂરત છે ?**

# અનુક્રમણિકા

1. ક઼ુતૂબે અરબઅ વિષે જાણીએ શીયાઓની ચાર ........................5
મશહુર કિતાબો ........................................................................5
2. પાંચ મહાન શિયા શહીદ........................................................9
3. ઝુરારહ બિન અઅયન .........................................................13
4. મોહમ્મદ બિન મુસ્લિમ સકફી ..............................................16
5. હુમરાન બિન અઅયન......................................................... 20
6. બોહલુલ દાના .................................................................... 23
7. જનાબે લૂકમાન વિષે થોડીક માહિતી અને તેમની અમુક
નસીહતો:.............................................................................. 28
8.શા માટે બધા ઈમામો માંથી ઈમામ મોહમ્મદ બાકિર અને
ઈમામ સાદિકની હદીસો વધારે જોવા મળે છે અને બીજા બધા
ઈમામોથી એટલી બધી હદીસો નથી?...................................... 34
9.અલ્લાહથી ડરો ................................................................... 39
10.હક અને બાતિલ વચ્ચે મુનાઝેરો. ........................................41
11.મદદ ................................................................................ 46
12.હક હંમેશા મઝલુમ રહ્યું છે ................................................ 48
13. પાંચ ગ્રુપના લોકોને શૈતાન બહેકાવી નથી શકતો: ............. 52
..................................................................................... 52
14.ક્યાં કારણથી કબ્રમાં અઝાબ થાય છે અને ક્યાં કારણથી
કબ્રમાં અઝાબ  નથી થતો....................................................... 53
15.નમાઝ નુ મહત્વ................................................................. 55
16.ઝકાતે ફિત્રા .......................................................................57
17.ખુમ્સ................................................................................. 60

18. ખાવા પીવાના આદાબ ........................................................ 68
19. સુવાના આદાબ ..................................................................75
20. ઈમામ ઝમાનાનાં ઝહુરની ..................................................78
નિશાનીઓ ...........................................................................78
21. આખેરી ઝમાના ની (કયામત ............................................... 81
પેહલા ની) 50 નિશાની .......................................................... 81
22.શિયાઓની સાત નિશાનીઓ................................................ 86
23. અમુક ખાસ હદીસો ...........................................................87

# 1. કૂતૂબે અરબઅ વિષે જાણીએ શીયાઓની ચાર મશહુર કિતાબો

આ ચાર કિતાબો હદીસોની કિતાબો છે જે મોઅતબર કિતાબો માથી છે

"કાફી"

"મન લા યહઝરહુલ ફકીહ"

"તેહઝીબુલ એહકામ" અને

"અલ ઇસ્તેબસાર"

આ કિતાબોને કૂતૂબે અરબઅનુ નામ પહેલી વખત શહીદે સાનીએ આપેલ છે પછી બધાજ ઓલમા અને લોકોની ઝૂબાન ઉપર બાકી રહી ગયું.

અમુક ઓલમાંનું કેહવુ છે કે કે જેટલી પણ હદીસો આ ચાર કિતાબોમાં છે તે બધી સહીહ અને મોઅતબર છે.

કાફી : આ કિતાબ આયતુલ્લાહ શૈખ જાફર કુલૈનીએ લખેલ છે, આપનું પુરૂ નામ મોહમમદ બિન યાકુબ બિન ઇસહાક કુલૈની હતું અને સેકતુલ ઇસ્લામના નામથી આપ મશહુર હતા અને

ગયબતે સુગ્રાના સમયમાં હિજરી સન 329 પહેલા આ કિતાબ લખેલ છે.

આ કિતાબમાં તકરીબન 16000 હદીસો છે જેને ત્રણ ભાગ માં વેહચવામાં આવી છે:

1- ઉસૂલ

2- ફુરુઅ

3- અને અલગ અલગ હદીસો.

1- ઉસુલે કાફીમાં અકીદા વિષે હદીસો છે.

2- ફુરુએ કાફીમાં ફીકહી હદીસો એટલે કે નમાઝ, રોઝા, અને જે  વાજિબ વસ્તુ છે વગેરે... તે વિષે હદીસો બયાન કરવામાં આવી છે.

3- અલગ અલગ વિષયો ઉપર બયાન કરેલ હદીસો છે અખલાક, સીલ્હે રહેમ, ગીબત, ઈર્ષા, આક્ષેપ વગેરે....

અમુક ઓલમાનું કેહવુ છે કે ઈમામે ઝમાનાએ આપને કહ્યું હતું કે અય કાફી! અમારા શીઆ માટે એટલી હદીસો કાફી છે.

મન લા યહઝરહુલ ફકીહ : આ કિતાબ આયતુલ્લાહ શૈખ સદુક આપનુ પુરૂ નામ મોહમ્મદ બિન અલી હુસૈન બિન મુસા બિન

બાબવ્ય કુમ્મી હતું. આપે આ કિતાબ હિજરી સન 381 પહેલા લખેલ છે.

આ કિતાબની અંદર તકરીબન 6000 હદીસો છે જે ફીકહી અને અમલી છે જેને આપણે મસ્લા મસાએલ વાળી હદીસો પણ કહી શકીએ છીએ અને આપ આ બધીજ હદીસોમાંથી જ ફતવા બયાન કરતા હતા,

આપે 300 બીજી કિતાબો પણ લખેલ છે અને આપની મુલાકાત ઈમામે ઝમાના સાથે થતી રહેતી અને અમુક જગ્યા ઉપર ઇમામે આપની મદદ પણ કરેલ છે તેવું ઓલમાનું કહેવું છે.

તેહઝીબુલ એહકામ : કે જેને આયતુલ્લાહ શૈખ તુસી લખેલ છે કે આપનું પુરૂ નામ અબુ જાફર મોહમ્મદ બિન હસન તુસી હતું.

હિજરી સન 460 પહેલા આ કિતાબ લખેલ છે.

આ કિતાબની અંદર 13590 ફીકહી હદીસો છે કે જેને 393 અલગ અલગ ભાગ અને વિષયમાં બયાન કરેલ છે.

અલઇસ્તેબસાર : આ કિતાબ પણ આયતુલ્લાહ શૈખ તુસીએ લખેલ છે.

આ કિતાબની અંદર જે રિવાયતો છે અલગ અલગ રીતે બયાન થયેલ છે અને તેના વિશે રોશની નાખેલ છે.

આ ચારેય કિતાબમાં લગભગ 45000 હદીસો છે.

અને આ ત્રણે ઓલમાઓના નામ અને લકબ એક જેવા હતા. અબુ જાફર 1 અબુ જાફર 2 અને અબુ જાફર 3,જેઓએ

શિયાઓની 4 મશહુર કિતાબો લખેલ છે.

# <u>2. પાંચ મહાન શિયા શહીદ</u>

**શિયા મઝહબના પાંચ મહાન આલિમે દીન શહીદ જેઓએ પોતાની જાન કુરબાન કરી શિયા મઝહબ આપના સુધી પોહચાડ્યો**

1-

**શૈખ શમશુદ્દીન મોહમ્મદ બિન મક્કી આમુલી નબતી જુઝૈની, તે મઅરુફ હતાં શહીદ અવ્વલ તરીકે.**

**આપ એક બોવ મોટા શીઆ આલિમે દિન હતા અને શિય્યતની તબલીગના જૂર્મમાં શિય્યત ફેલાવવાના જુર્મમાં શામ (દમિશક) માં શહીદ કરવામાં આવ્યા હતા.**

**વિલાદત:** 734 **હિજરી સન.**

**શહાદત:** 786 **હિજરી સન.**

2-

**શૈખ ઝૈનુદ્દીન બિન અલી બિન એહમદ આમુલી જુબઇ, જે શહીદ સાની થી મશહુર છે.**

આપ એક કાઝી હતા અને 4 સુન્નીઓના ફિર્કા અને એક શીઆ મઝહબ 5 દિનની માલુમાત અને જાણકારી રાખનાર મહાન વ્યક્તિ હતા એક વખત એક ફેસલાથી ખબર પડી કે તે એક મહાન શીઆ આલિમે દીન છે એટલે હકૂમતે ઉસ્માનીમાં આપને શહીદ કરી દેવામાં આવ્યા.

આપની લખેલ એક કિતાબ છે જેને હોવઝામાં ઘણાં વરસોથી પડાવવામાં આવે છે અને જેને મોલાના બનવું હોય તે આ કિતાબ જરૂર પડે છે અથવા તે કિતાબનું નામ તો બધાજ ઓલમાં જાણતા હોય છે તેનું નામ છે લુમઆ.

વિલાદત: 911 હિજરી સન.

શહાદત: 966 હિજરી સન.

3-

સૈયદ નુરૂલ્લાહ શુશત્રી મારૂફ છે શહીદ સાલિસ થી, આપ પણ એક શીઆ મઝહબના મહાન આલિમ હતા પરંતુ ઘણા સમય સુધી લોકોને ખબર ન હતી કે આપ શીઆ છે. આપની એક કિતાબ અહકાકુલ હક ખુબજ મશહુર છે જેમાં શીઆ હક ઉપર છે તેની માહિતી આપેલ છે.

આપના એક દુશ્મને, ઝાલિમ બાદશાહને ખબર આપી કે આપ શીઆ છે એટલે આપને આગરાહ શહેરમાં ચાબુકો થકી મારીને શહીદ કરવામાં આવ્યા.

વિલાદત: 957 હિજરી સન.

શહાદત: 1019 હિજરી સન.

4-

મિર્ઝા મોહમ્મદ કામિલે દેહલવી આપ મશહુર છે શહીદે રાબેઅ થી. આપનો મકબરો દિલ્હીમાં કાશ્મીરી ગેટમાં ઝિયારતગાહ પંજેશરીફમાં છે કે જ્યાં એક હોવઝો એટલે કે મદ્રેસો છે અને ઘણા બધા લોકો ત્યાં ઇલ્મ હાસિલ કરે છે.

આપ એક મુતઅસ્સિબ સુન્ની બાદશાહના હાથે કતલ થયા હતા આપની એક કિતાબ નઝહતુ ઇસ્ના અશરી છે જે એક સુન્ની કિતાબના જવાબ માં લખવામાં આવેલ હતી

વિલાદત: 1150 હિજરી સન.

શહાદત : 1235 હિજરી સન.

5-

સૈયદ બાકિર સદર જે ઈરાકમાં રહેતા હતા અને પાંચમાં શહીદ છે.

આપે શીઆ મઝહબની ખુબજ ખિદમત કરી છે અને સદ્દામ લાનતીના હાથે શહીદ થયા હતા. આપની એક બહેન હતી જે આપનો હમેશા સાથ આપતી હતી તે પણ ઇલ્મના મૈદાનમાં એક આલીમાં હતી આપનુ નામ બિંતુલ હોદા હતુ બન્નેને સદામે શહીદ કરેલ છે.

**વિલાદત**: 1353 **હિજરી સન.**

**શહાદત**: 1400 **હિજરી સન.**

# 3. ઝુરારહ બિન અઅયન

ઈમામ મોહમ્મદ બાકિર અને ઈમામ જાફર સાદિક અલ્યહેમુસ્સલામના ખાસ સહાબી હતા. આપનું પુરૂ નામ અબ્દે રબ્બે બિન અઅયન બિન સુનસુન શુઅબાની હતું અને આપનો લકબ ઝુરારહ હતો, આપ શીઆ સહાબીઓમાં પહેલા એવા સહાબી હતા કે જેણે બે ઇમામોથી 3000 હદીસો સાંભળીને યાદ કરેલ હતી અને નકલ પણ કરી હતી, અને આ 3000 હદીસ માંથી 1200 ઈમામ બાકિર અને ઈમામ સાદિક થી રૂબરૂ મુસ્તકીમ

સાંભળી હતી અને યાદ કરી હતી. અને લોકો સુધી પોહચાડી હતી.

આપની વિલાદત હિજરી સન 70 માં થઈ અને વફાત 148માં થઈ, આપ એક બહાદુર, સફેદ ચેહરા વાળા નુરાની શખ્સ હતા અને આપની કપાળ અને પેશાની ઉપર મોહર અને સજદાનો નિશાન હતો.

આપ શીઆ મઝહબના ખુબજ મહાન આલિમે દિન હતા, આપ ફીકહ અને અકાએદમાં નિષ્ણાત (Specialist) હતા અને કુરાનના કારી પણ હતા અને શાએર પણ હતા. અને તમામ સહાબીઓ માં બધા કરતાં વધારે ભરોસા પાત્ર હતા અને આપથી જેટલી પણ હદીસો અને રિવાયત બયાન થઈ છે તે બધી સહીહ ગણવામાં આવેલ છે.

આપે ઘણી બધી કિતાબો લખેલ છે પરંતુ અત્યારે આપની ખાલી એક જ કિતાબનું નામ બયાન કરવામાં આવે છે જે બાકી રહી

ગઇ છે અને તેનું નામ છે "અલઇસ્તેતાઅત વલજબ્ર વલ ઓહુદ" બીજી બધી કિતાબો દુશ્મનો થકી બાળી નાખવામાં આવી હતી.

ઈમામ સાદિક અલય્હિસ્સલામ આપને પોતાના એક બેહતરીન સહાબી ગણાવતા હતા અને રસૂલ સ.અ.વ.વ. અને ઈમામ અલી અ.સ થી જે હદીસો બયાન થઈ છે. ખાસ જેમ કે હરામ અને હલાલ નકલ થયેલ છે તે ઈમામે સાદિકે આપને દેખાડતા હતા, અને ઈમામ બાકિરે અને ઈમામ સાદિકે અ.સ આપને જન્નતની બશારત આપેલ હતી અને કહ્યું હતું કે અય ઝૂરારહ, મુબારક કે તમે જન્નતી છો.

એક જગ્યા ઉપર જનાબે ઝુરારહના વખાણ કરતા ઈમામ સાદિક ફરમાવે છે કે જો ઝુરારહ ન હોત તો અમારી હદીસો ખોવાય ગઈ હોત એટલે કે ઝુરારહ દ્વારા ઘણી બધી હદીસો લોકો સુધી પોહચી છે.

ઈમામ સાદિક અ.સ સાથે કોઈ મુનાઝેરો અથવા મુબાહિસો કરવા માટે આવતું તો આપ ચાર સહાબીઓને આગળ કરી દેતા એમાંથી એક ઝુરારહ હતા અને કેહતા કે જો તમે એમની સાથે જીતી ગયા તો મારી સાથે પણ જીતી ગયા, ઝૂરારહ મુનાઝેરામાં ખુબજ રસ લેતા અને સામે વાળી વ્યક્તિને ઈલ્મી અને અક્લી દલીલથી હરાવી દેવામાં ખુબજ હોશિયાર હતા.

આપના કબીલાનું નામ આલે અઅયન હતું કે જેઓ કુફામાં રેહતા હતા અને શીઆ કબીલામાં આપનો કબીલો મશહુર હતો આપના કબીલા માટે કેહવામાં આવે છે કે બધાજ ઈમામોના સમયમાં આપનો કબીલો ઈમામોની સાથે હતો અને કબીલાના બધાજ લોકો ઈમામ અ.સ ના શીઆ અને સાથી હતા.

હવે એક સવાલ ઈમામના ઘણા બધા સહાબીઓએ ઘણી બધી હદીસો બયાન કરેલ છે અને સહાબીઓએ ઘણી બધી કિતાબો લખેલ છે તો તે કિતાબો અત્યારે ક્યાં છે?

જવાબ: પેહલાના સમયમાં શીઆ લોકો ખુબજ તક્કિયા સાથે રહેતા અને શીઆ ઉપર ખુબજ ઝુલ્મ થતો કારણ કે હુકુમત કરનારને બિલકુલ પસંદ ન હતું કે લોકોને હક વાત ખબર પડે એટલે જે શીઆ કિતાબો હોય અથવા જે શીઆ કિતાબોની લાયબ્રેરી હોય તેને સળગાવી દેતા એટલે અત્યારના આપણી પાસે ઘણી બધી હદીસોની કિતાબો નથી, તો પણ જેટલું અત્યારના આપણી શીઆ કોમ પાસે ખજાનો અને ઇલ્મ છે બીજા કોઈ પાસે નથી તેની માટે આપણે અલ્લાહ નો શુક્ર અદા કરવો જોઈએ.

# 4. મોહમ્મદ બિન મુસ્લિમ સકફી

બીજા એક અઝીમ સહાબી વિષે ટુક માં જાણીએ

મોહમ્મદ બિન મુસ્લિમ સકફી કે જે એક ખુબજ મહાન સહાબી હતા આપ ઈમામ બાકિર અને ઈમામ સાદિક અલ્યહેમુસ્સલામ ના સમયમાં હતા અને શીઆ મઝહબ ને લોકો સુધી પોહચાડવા માં ખુબજ વધારે યોગદાન આપેલ છે અને આપની વિલાદતની તારીખમાં ઇખ્તેલાફ છે પરંતુ આપની વફાતની તારીખ હિજરી સન 150 બયાન થયેલ છે આપ ઈમામના ખાસ સહાબીઓમાં થી હતા જેની ઉપર ઈમામને પુરે પૂરો ભરોસો હતો.

કારણ કે જે સમયમાં લોકો પોતાને શીઆ જાહેર નોહતા કરતા અને ઈમામ પણ ઘણી વખત પોતાના સહાબીઓને કહેતા કે તમે પોતાનું ધ્યાન રાખજો, નહિ તો દુશ્મન તમને અમારી સાથે બેઠક રાખવાની સજા આપશે, જેલમાં નાખી દેશે અથવા મારી નાખશે.

ઈમામના હુકમના લીધે આપે કુફામાં એક ખજૂરની દુકાન મસ્જિદ પાસે ખોલી હતી જયારે કે આપ એ સમયમાં દોલતમંદ ઇન્સાન હતા પરંતુ ઈમામે આપની જાન બચાવવા માટે કીધુ હતું અને જે લોકોને હિદાયત જોઈતી હોય તેમને મસ્જિદ પાસેથી હિદાયત

પણ મળી જાય અને આપની જાન પણ બચી જાય.

આપ જનાબે મુખ્તાર સકફીના કબીલાના હતા કે જે એક શીઆ કબીલો હતો અને હંમેશા ઇમામોનો સાથ આપતા, કે જેઓ કુફા ના રહેવાસીઓ હતા.

આપના માટે મશહુર છે કે ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામથી 30,000 હદીસ સાંભળેલ છે અને ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામથી 16,000 હદીસ સાંભળેલ છે એટલે ટોટલ 46,000 હદીસ, અને આપ ફીકહમાં નિષ્ણાત હતા અને ફીકહને લાગતી બધીજ હદીસ જાણતા હતા.

આપ ઈમામના સમયમાં હતા તો પણ એક મહાન મરજેઅ હતા, અને આપને ઈમામ તરફથી ફતવા આપવાનો હુક્મ હતો એટલે કે આપને ઈમામે ઇજાઝત આપી હતી.

એક સહાબી કે જે કુફામાં રેહતા હતા તે કહે છે કે અય ઈમામ! મારી પાસે હવે એવી તાકાત નથી કે હું કુફાથી મદીના સફર થકી આવું અને મારા સવાલ અને મારા કબીલાના સવાલ પૂછી શકું ! તો ઈમામ જવાબમાં ફરમાવે છે શા માટે મોહમ્મદ બિન મુસ્લિમ સકફી પાસે નથી જતા અને તેમને સવાલ નથી પૂછતા, હવે હું તને હુક્મ આપુ છું કે તું તારા સવાલના જવાબ તેની પાસેથી હાસિલ કરજે.
આપ ફકત શીઆ મઝહબ માટે નહિ બીજા મુખાલીફ લોકોના સાવલના જવાબ આપીને પણ લોકોની જાન અને ઈમાન બચાવતા હતા.

એક વખત રાતના સમયમાં આપ અગાસીમાં કોઈ કામમાં વ્યસ્ત હતા કે એક ઓરત આપના ઘરના દરવાજા પાસે આવીને આપને બોલાવે છે આપ નીચે આવીને પૂછે છે શું થયું? તે ઓરત કહે છે કે મારી વહુ હામેલા હતી અને દુખાવા ના લીધે તે મરી ગઈ પરંતુ તેના પેટમાં બચુ છે અને તે જીવતું છે તો હવે શું કરવું જોઈએ?

તો આપ કહે છે એક વખત આવો મસલો ઈમામ બાકીર અ.સ પાસે આવ્યો હતો અને હું ત્યાં બેઠો હતો ઈમામે કહ્યું કે જયારે આવી રીતે કોઈ મસલો આવે તો માંનું પેટ ચિરી નાખો, અને બચ્ચાને બહાર કાઢી લ્યો.
પછી આપ તે ઓરતને કહ્યું કે હું તો તકીયયામાં રહું છું મને અહીંયા કોઈ વધારે ઓળખતું નથી, મે પોતાને છૂપાવીને રાખ્યો છે તો તું મારી સુધી કેવી રીતે પોહચી?

તો તે ઓરત કહે છે પેહલા હું અબુ હનીફા પાસે ગઈ હતી અને તેને પૂછ્યું હતું પરંતુ તેણે કહ્યું મને આ સાવલનો જવાબ નથી ખબર, તું મોહમ્મદ બિન મુસ્લિમ સકફી પાસે જા એટલે હું તમારી પાસે આવી, અને મને કહ્યું હતું કે જે જવાબ મળે તે મને પણ બ તાવજે .

પછી આપ બીજા દિવસે જયારે મસ્જિદમાં જાય છે તો અબુ હનિફા પોતાના શાગિર્દોને આ મસ્લો પોતાના તરફથી બયાન કરી રહ્યા હતા, ત્યારે મે તેને સમજાવવા માટે ખોટે ખોટે ઉધરસ ખાધી કે હું અહીંયા છું હો, તો અબુ હનીફા મારી પાસે આવ્યા અને કહ્યું મારી ઈજ્જત રાખજો હો તમે એ નહિ કહેતાં કે આ મસલો કાલે રાત્રે તમે બયાન કરેલ છે અને પછી આપ મસ્જિદમાથી બહાર આવી ગયા.

એક વખત આપ મદીના ગયા હતા અને ત્યાં બીમાર થઈ જાય છે તો પણ તે કોઈ રીતે ઈમામ સુધી પોહચે છે ઈમામ તેની માટે એક દવા બનાવે છે અને તે પીવે છે એટલે સારા થઈ જાય છે પછી

આપ કહે છે કે ઈમામ મારું દિલ ચાહે છે કે હું હમેશા તમારી પાસે રહું અને તમારી મુલાકાત કરતો રહું પરંતુ મારા માટે સખત છે તો ઈમામ જવાબમાં ફરમાવે છે કે જયારે પણ તને અમારી મુલાકાત કરવાનું મન થાય તો તમારે કુફાની બાજુમાં કરબલા છે ત્યાં ઈમામ હુસૈન અલય્હિસ્સલામની ઝિયારત કરવા જવાનું, અને અલ્લાહ અમારા શિયાના દિલમાં જે અમારી મોહબ્બત છે તેને સરખી રીતે જાણે છે અને એ મોહબ્બતનો સવાબ તમને જન્નતમાં મળશે.

બન્ને ઈમામે આપને જન્નતની બશારત આપેલ છે.

# 5. હુમરાન બિન અઅયન

હુમરાન બિન અઅયન,  ઝુરારહ બિન અઅયનના મોટા ભાઈ છે,
 અઅયન કબીલા વિષે પેહલા ઝિક્ર કરેલ છે એટલે અહીંયા
કબીલાએ અઅયનનો ઝીક્ર નથી કરતાં જો કોઈ અઅયન કબીલા
વિષે વાંચવામાં રસ ધરાવતું હોય તો તે ઝુરારહ બિન અઅયનનો
લેખ વાંચે જે આપણે ઉપર દર્શાવેલ છે.

આપ ત્રણ ઈમામના સહાબી હતા ઈમામ ઝૈનુલ આબેદીન,
ઈમામ મોહમ્મદ બાકિર અને ઈમામ જાફરે સાદિક
અલ્યહેમુસ્સલામ.

આપે ત્રણેય ઈમામથી હદીસ નકલ કરેલ છે.

આપનો શુમાર તાબેઈનમાં થાય છે, તાબેઈન એટલે આપે એક
અથવા અમુક રસૂલના સહાબીઓને જોયેલા છે મુલાકાત કરેલ છે
 અને જે કોઈ રસૂલને ન જોયા હોય પરંતુ રસૂલના સહાબીઓ
સાથે રહ્યા હોય અને સહાબીઓને જોયા હોય તેઓને તાબેઈન
કેહવાય છે.
આપની વિલાદત ની તારીખ માં ઈખતેલાફ છે અને વફાત ૧૨૫
હિજરી સન આસપાસ થયેલ છે. શીઆ સુન્ની બન્ને નજીક આપની
 હદીસો ભરોસાપાત્ર છે એટલે બન્ને ફીરકાઓએ આપથી હદીસ
નકલ કરેલ છે.

આપ ફીકહ, અકાયેદ, નહવ (અરબી ગ્રામર) લુગત (દિક્ષનરી) અને ઓલુમે કુરાનમાં નિષ્ણાત હતા

અને જે સાત કારીએ કુરાન મશહુર છે તેમાં હમઝા ઇબ્ને હબીબ છે અને આપ હમઝા ઇબ્ને હબીબના ઉસ્તાદ હતા, અને આપે અબુલ અસ્વદ દુએયલી કે જે ઈમામ અલી અ.સ ના સહાબી હતા તેમની પાસેથી કુરાનની કીરઆત સીખી હતી.

ઈમામ બાકિર અલચ્હિસ્સલામ આપ વિષે કહે છે કે અય હુમરાન! તું દુનિયા અને આખેરાતમાં અમારા શીયાઓ માંથી છો.

ઈમામ સાદિક ફરમાવે છે અય હુમરાન! તું અમારા સાથે જન્નતમાં રહેવાનો છે.

એક સિર્યાનો વ્યક્તિ ઈમામ સાથે કુરાન વિષે મુનાઝેરો કરવા આવ્યો હતો, તો આપ હુમરાન બિન અઅયનને આગળ કરી કહ્યું જો તું આ હુમરાન બિન અઅયન સાથે જીતી ગયો તો મારી સાથે પણ જીતી ગયો, પછી જયારે ચર્ચા પૂરી થઈ તો ઈમામ તે શામી ને પૂછે છે કેવી રહી ચર્ચા? તો તે કહે છે કે  આ તો ઉસ્તાદ છે બધી જ વસ્તુ એવી રીતે સમજાવી જેવી રીતે ઉસ્તાદ સમજાવે છે.

આપ હુમરાન બિન અઅયન ઈમામ સાદિક અલચ્હિસ્સલામના પૈસાના મામલામાં પણ વકીલ હતા એટલે ખુમ્સ અને ઝકાતના પૈસાની જે આવક થતી તેને કંઈ જગ્યા ઉપર ઉપયોગમાં લેવી

તેનો હિસાબ કિતાબ આપ રાખતા હતા અને પૈસાની બધીજ

જવાબદારી આપની પાસે હતી.

અત્યારે આપણે આયતુલ્લાહ, મરજઅ તકલીદ અને એમના વકીલ જોઈએ છીએ તેની માટે ઈમામ સાદિક પહેલાથી રાહ હમવાર કરી હતી અને શીખવાડ્યું હતું કેમકે ઈમામ સાદિકે જેવી રીતે મુસ્લિમ બિન મોહમ્મદને ફતવા આપવાની ઈજાઝત આપી હતી જ્યારે કે આપ ખુદ મોજૂદ હતા અને હુમરાનને પૈસાના મામલામાં વકીલ બનાવ્યા હતા. આ બધીજ વસ્તુથી આપણા ઓલ્માઓ તરીકો શીખેલ છે અને મરાજેએ પોતાના વકીલ, અલગ અલગ જગ્યા ઉપર બનાવેલ છે એટલે દૂર રહેતા લોકો પોતાના મસ્લા પણ જાણી શકે અને જે વાજીબ રકમ તેમની પાસે છે તેને હકદાર સુધી પોહચાડે છે અને દિનના રસ્તા ઉપર ખર્ચ કરે, અને વકીલ આયતુલ્લાહને પોહચાડે છે અથવા જે જગ્યા ઉપર ઇજાઝત આપવામાં આવી છે ત્યાં ખર્ચ થાય છે.

# 6. બોહલુલ દાના

આજે આપણે બોહલુલ દાના વિષે જાણવાની કોશિશ કરશું.

બોહલુલ દાનાનું નામ બોહલુલ બિન ઉમરૂ હતું અને આપ દિવાના નામથી મશહુર હતા જયારે કે આપ દિવાના ન હતા.

આપની વિલાદત કુફામાં હિજરી સન 90 આસપાસ થઈ હતી અને આપની વફાત 190 હિજરી સન આસપાસ થઈ હતી. અને આપનો મકબરો બગદાદમાં છે.

આપ બની અબ્બાસના કબીલા માંથી હતા પરંતુ આપ એક સાચા શીઆ, બાઈમાન શખ્સ હતા અને ઈમામ સાદિક અને ઈમામ કાઝિમ અલય્હેમુસ્સાલમના ખાસ સહાબી હતા. અમુક ઓલમાનું કહેવુ છે કે આપે ઈમામ હસન અસ્કરી અલય્હિસ્સલા મનું બચપન પણ જોયેલું છે એટલે આપ ત્યાર સુધી જીવતા હતા. જયારે બની અબ્બાસે સરખી રીતે હુકુમત ઉપર કબઝો કરી લીધો એટલે ધીમે ધીમે શીઆઓને પરેશાન કરવાનું અને કતલ કરવાનું અને શહીદ કરવાનું ચાલુ કરી દીધું, એટલે કે જેવી રીતે ઈમામ બાકિર અને ઈમામ સાદિક અલય્હેમુસ્સાલમ સરખી રીતે દિને ઇસ્લામની તબલીગ કરી અને મોકો મળ્યો તેવો મોકો પછી બીજા કોઈ ઈમામને નથી મળ્યો કેમકે બાદશાહ ખુબજ વધારે ઝુલ્મ કરવા લાગ્યા હતા અહીંયા સુધી કે આ બની અબ્બાસ, શિયાઓને અને સય્યદ લોકોના લોહીની દીવાર બનાવતા હતા.

અલ્લાહ આ ઝાલિમો ઉપર લાનત મોકલે અને દર્દનાક અઝાબ આપે.

હવે આ સમયમાં બની અબ્બાસ પોતાના કબીલાના પરંતુ ઈમામ ના શીઆ, એટલે બોહલુલ દાનાને પણ મારવાનો હુક્મ આપે છે ત્યારે ઈમામ મુસા કાઝિમ અલય્હિસ્સલામ બોહલુલ દાનાને પાગલ અને દીવાના બનવાનો હુક્મ આપે છે અને તક્કયામાં રેહવાનો હુક્મ આપે છે, એટલે તરતજ બીજા દિવસે બોહલુલ દાના પોતાને દિવાના બનાવી નાખે છે, અને તે નાના-નાના બચ્ચાઓ સાથે રમતા દેખાય છે, અને કહતા હતા રસ્તા માંથી હટી જાવ મારો ઘોડો તમને મારી નાખે તેની પહેલા રસ્તા ઉપરથી સાઈડ માં હાલ્યા જાવ. જયારે કે બોહલુલ દાના પાસે કોઈ ઘોડો ન હતો.

અને પૂરા શહેરમાં મશહુર થઈ ગયું કે બોહલુલ દાના દિવાના થઈ ગયા છે. જયારે આ વાત હારૂન રશીદ બાદશાહને ખબર પડી એટલે તે સમજી ગયો હતો કે આ બોહલુલ દાના કંઈ પાગલ નથી થયા તે ખાલી પોતાની જાન બચાવવા માટે પાગલ

બનવાના નખરા કરે છે.

આપ(બોહલુલ દાના) એક મોટા આલિમ અને મોટા કાઝી હતા અને લોકોને સારા સારા મશવરા (સલાહ) આપતા હતા, જયારે કે આપ દિવાના બનવાનો રોલ અદા કરી રહ્યા હતા ત્યારે ઘણી બધી વખત લોકોને મશવરો આપી મદદ કરતા હતા અને જયારે જરૂરત પડતી ત્યારે દિને હક અને શીઆ મઝહબને બચાવવા

માટે મેદાનમાં પણ આવી જતા હતા.

અહીંયા આપણે જનાબે બોહલુલ દાનાનો એક મૂનાઝેરો બયાન કરીએ કે આપ કેવી રીતે દિને હકની તબલિગ કરતા જયારે કે આપને બધા લોકો દિવાના કહેતાં હતાં.

એક વખત અબુ હનીફા કે જે હનફી મઝહબના લીડર હતા કહે છે મારી પાસે જેટલું પણ ઇલ્મ છે તે મે ઈમામ સાદિક અલય્હિસ્સલામના દરસમાં જે બે વર્ષ ગયો હતો ત્યાં થી લીધેલ છે અને હું ઈમામ સાદિક અલય્હિસ્સલામની ત્રણ વાત નથી માનતો:

1: શૈતાનને જહન્નમની આગ દ્વારા અઝાબ અને સજા આપવામાં આવશે, હું આ વાત નથી માનતો કારણ કે શૈતાન પણ આગ થી બન્યો છે અને જહન્નમનો અઝાબ પણ આગ થકી છે આ કેવી રીતે મુમકિન છે કે આગ આગને નુકસાન પોહચાડે?

2:અલ્લાહને જોય શકાય નહિ, જયારે કે હું કહું છું કે જે પણ વસ્તુ મોજૂદ હોય તે દેખાવી જોઈએ?

3:ઇન્સાન જેવું કામ કરે તે પ્રમાણે તેને જઝા અને સઝા મળશે

એટલે કે ઇન્સાન બધાજ કામોમાં મુખ્તાર છે (ઇખતેયાર રાખે છે) તે કરે કે ન કરે. જયારે હું કહું છું કે ઇન્સાન મજબૂર છે તે પોતે કંઈ નથી કરતો ખુદા તેની પાસે બધીજ વસ્તુ કરાવે છે.

ત્યારે બોહલુલ દાના આ વાતો સાંભળી રહ્યા હતા તે જમીન ઉપર થી ઉભા થાય છે અને એક ઢેફું (માટીનો પથ્થર) લે છે અને અબુ હનીફાને મારે છે અને ભાગી જાય છે એટલે અબુ હનીફા હારૂન રશીદ બાદશાહ પાસે તેની શિકાયત કરે છે અને પછી હારૂન પણ હુક્મ આપે છે કે બોહલુલ દાનાને હાજર કરવામાં આવે

જયારે બોહલુલ દાના હાજર થાય છે તો હારૂન કારણ પૂછે છે કે શા માટે અબુ હનીફા ને પત્થર મારી ભાગી ગયો?
ત્યારે બોહલુલ દાના કહે છે અય અબુ હનીફા, મારો પત્થર તારા ત્રણ સવાલ નો જવાબ હતો.

1:તારું કેહવુ એ છે કે જે વસ્તુથી બીજી કોઈ એની જેવી વસ્તુ

બની હોય તો તે વસ્તુ તેને નુકસાન નથી પોહચાડતી એટલે કે આગને આગ નુકસાન નથી પોહચાડતી, તો પછી તું

માટી થી બનેલો છે અને મે પણ તને જે પત્થર માર્યો તે માટીથી બનેલ છે, અને માટી, માટીને નુકસાન ન પોહચાડે એટલે

તને પણ કંઈ નુકસાન ન થવું જોઈએ જેવી રીતે શૈતાનને નથી

થવાનું? તો એનો મતલબ થયો કે જેવી રીતે તને આ પત્થર

નુકસાન પોહચાડે છે તેવીજ રીતે શૈતાન ને આગ નુકસાન પોહચાડશે.

2: બીજા સવાલ નો જવાબ આપે છે અને કહે છે કે જે હોય છે તે

દેખાય છે હવે તું મને તારો દુ:ખાવો બતાવ તે કેવો છે જયારે કે

તારું કેહવુ એ છે કે જે હોય તે દેખાય, તો હવે દુ:ખાવો છે તો

દેખાડ. તો એનો મતલબ જરૂરી નથી કે જે વસ્તુ હોય તે દેખાય, તો હવે મતલબ સમજ જે વસ્તુ હોય તે દેખાવી જરૂરી નથી, અને એવીજ રીતે અલ્લાહ મોજૂદ છે પણ કોઈ તેને જોય શક્યું નથી અને તે દેખાતો નથી.

3: અને ત્રીજા સવાલ નો જવાબ... તું કહે છે કે ઇન્સાન મજબૂર છે તેના હાથમાં કઈ નથી તો પછી તને મે નથી માર્યું અલ્લાહે માર્યું છે. જા, તેની પાસે થી જવાબ માંગ! તો એનો મતલબ એ થયો કે ઇન્સાન જે કંઈ પણ કામ કરે છે તે પોતે કરે છે અને જઝા અને સઝા પણ તેને મળશે. અને અલ્લાહ આદિલ છે તે કોઈ ઉપર ઝુલ્મ કરતો નથી.

આ વાતો સાંભળી અબુ હનીફા શર્મિંદા થાય છે ખુબજ અફસોસ કરે છે અને કહે છે કે મારા દિમાગમાં આ બધી વાતો કેમ ન આવી....

# 7.

# જનાબે લૂકમાન વિષે થોડીક માહિતી અને તેમની અમુક નસીહતો:

જનાબે લૂકમાન વિષે બે વાત મશહુર છે એક, આપ નબી હતા અને બીજી વાત એ છે કે આપ નબી ન હતા એક આમ ઇન્સાન હતા, જનાબે લૂકમાનના નામનો કુરાનમાં એક સુરો આવ્યો છે આપ લૂકમાને હકીમ હતા.

હકીમ એટલે જે પોતાની વાતો સામે વાળાને હિકમત સાથે સરખી રીતે સમજાવે અને સામે વાળાના દિલમાં ઉતરી જાય. હઝરત લૂકમાને હકીમ અ.સ પોતાના દીકરાને નસીહત કરતા ફરમાવે છે:

આ ચાર વસ્તુને હમેશા યાદ રાખો:

1. જયારે નમાઝ પઢો તમારા દિલનું ધ્યાન રાખો ફકત અલ્લાહ માટે નમાઝ પઢો.

2. જયારે સુફરા ઉપર જમવા બેઠો તો ગળાનુ ધ્યાન રાખો, હરામ ખોરાક ગળા નીચેથી ન ઉતરે.

3. જયારે બીજા કોઈના ઘરે જાવ તો આંખનું ધ્યાન રાખો ના-મેહરમ સામે ન જોવો.

4. અને લોકોની સામે જાવ તો જીભનું ધ્યાન રાખો કોઈનું દિલ ન દુખાવો.

આવીજ રીતે બીજી જગ્યા ઉપર જનાબે લૂકમાન પોતાના દીકરા ને ફરમાવે છે:

બે વસ્તુને હંમેશા યાદ રાખો:

1-અલ્લાહ

2-મોત

જ્યારે ઇન્સાન આ બે વસ્તુને હંમેશા યાદ રાખશે તો કોઈ દિવસ ગુનાહ નહિ કરે.

અને બીજી બે વસ્તુ કોઈ દિવસ યાદ ન રાખો એટલે કે તે કાર્ય કરીને ભૂલી જાવ:

1:લોકોની સાથે નેકી કરી ભૂલી જાવ (નેકી કરો, દરિયામે દાલો).

2:જો કોઈ તમારી સાથે બુરાઈ કરે તેને ભૂલી જાવ (આ નફરત તમને નુકસાન પોહચાડશે તમે અંદર ને અંદર પીડાતા રહેશો જો પીડાવવું ન હોય તો માફ કરી દયો.)

એક બીજી જગ્યાએ જનાબે લૂકમાન પોતાના ફરઝંદને અમુક ખાસ વાત નસીહતમાં ફરમાવે છે:

1.તમારી ઝીંદગીમાં તમે બેહતરીન વસ્તુ ખાવ

અને જયારે તમને ખુબજ ભૂખ લાગે ત્યારે તમે ખાવ એટલે એ

વસ્તુ તમારી માટે બેહતરીન વસ્તુ થઈ જાય છે પછી ભલે તે બિલકુલ સાદો ખોરાક હોય.

2.દુનિયાની બેહતરીન જગ્યા ઉપર સુવો

એટલે; બેટા દુનિયાની એ બેહતરીન જગ્યા તમને સુવા માટે ત્યારે મળશે કે જ્યારે તમે ખૂબ મેહનત વાળું કામ કરો અને થોડુક મોડું સુવો એટલે તમને એવી મીઠી નિંદર આવશે કે પૂછો નહિ.

3.દુનિયાની બેહતરીન જગ્યા ઉપર ઝીંદગી ગુજારો

અને એ તે છે લોકોના દિલમાં રહેવુ, જયારે ઇન્સાન લોકો સાથે હળી મળીને રહે છે એટલે તે લોકોના દિલમાં રહેવા લાગે છે અને આ દુનિયા એક બેહતરીન રહેવા વાળી જગ્યા છે.

4. અય બેટા ! અલ્લાહની સાથે કોઈ પણ અને કોઈ પણ વસ્તુની સરખામણી ન કર.

5. માં બાપ સાથે બેહતરીન રીતે રહો.

6. અલ્લાહથી કોઈ પણ વસ્તુ છૂપી નથી.

7. જેવી રીતે નમાઝ પઢવાનો હક છે તેવી રીતે પઢો.

8. બીજા લોકોની નસીહત માનો.

9. લોકોથી નારાઝ ન થાવ.

10. લોકો સામે ઘમંડ ન કરો.

11. બીજા લોકો સાથે એહતેરામ થી પૈશ આવો.

12. લોકોની સાથે નરમીથી વાત કરો અને ગુસ્સો ન કરો.

13. અલ્લાહને તેના નામ અને સિફતો થકી ઓળખો.

14. જે વાત બીજાને કહો તેની ઉપર પહેલા પોતે અમલ કરો.

15. ટૂંક માં વાત સમજાવો.

16. પોતાની રાઝની વાતો કોઈને કહો નહિ.

17.પરેશાનીના સમયે દોસ્તની પરીક્ષા લ્યો.

18. જાહિલ લોકોથી દુર રહો.

19. આલિમ સાથે બેઠક રાખો.

20. કામ ધંધામાં મહેનત કરો અને દિલથી કરો.

21. નબળા લોકોથી મશવરો ન લ્યો.

22. હોશિયાર લોકોથી મશવરો લ્યો.

23.સારી વાતોને દલીલ સાથે બયાન કરો.

24.જવાનીથી ફાયદો ઉપાડો.

25. દુનિયા અને આખેરત બન્ને માટે મેહનત કરો.

26. દોસ્ત અને ઓળખીતા લોકોનો એહતેરામ કરો.

27. માં બાપ સાથે હળીમળીને રહો તેઓને કોઈ નુકસાન ન પોહચાડો.

28. ઉસ્તાદ અને ટીચરનો પણ માં બાપની જેમ એહતેરામ કરો.

29. પૈસાની જાવક, આવક કરતાં ઓછી હોવી જોઈએ.

30. ન્યાય અને ઇન્સાફ સાથે વર્તો.

31. લોકોને માફ કરી દયો.

32. મેહમાનને આવકારો, મેહમાન થી નારાઝ ન થાવ.

33. આંખોને ગુનાહોથી બચાવીને રાખો.

34. બધી વસ્તુની હમેશા સાફ સફાઈ કરતાં રહો.

35. દોસ્ત અને સગા સંબંધીઓને કોઈ દિવસ બેસહારા ન કરો, મદદની જરૂરત હોય ત્યારે મદદ જરૂર કરો.

36. તમારી ઓલાદને દુનિયાની સાથે સાથે દીનની માલુમાત જરૂર આપો અને દીન શિખવાડો.

37. જે વસ્તુ પોતાને પસંદ નથી તે બીજાને પણ ન આપો.

38. સમજી વિચારીને બધીજ વસ્તુનો ફેસલો કરો.

39. કોઈ પણ વસ્તુ ન આવડતી હોય તો ના કેહવામાં શરમ ન કરો.

40. બીજાની મદદ કરવામાં શરમાવો નહિ.

41. કોઈ દિવસ અધરું કામ ન કરો.

42. આજનું કામ કાલ ઉપર ન ટાળો.

43. જે તમારા કરતાં મોટા હોય તેની સાથે મસ્તી ન કરો.

44. એવું કામ ન કરો કે જાહિલ ઇન્સાન તમારી ઈજ્જત ન કરે.

45. લડાઈ જગડા ન કરો.

46. જૂની દુશ્મનીને જીવતી ન કરો.

47. બીજા લોકોના સારા કાર્ય ને સારું કહો.

48. સગા સંબંધીઓ સાથે વાત ચીત બંધ ન કરો.

49. લોકોની કદી પણ ગીબત ન કરો, ખાસ કરીને સારા લોકોની ગીબત ન કરો.

50. મરનાર વ્યક્તિને સારી રીતે યાદ કરો.

51. કોઈપણ કામમાં જલ્દી ન કરો.

52. જયારે લોકો તમને જોઈ રહ્યા હોય ત્યારે તેમની સામે ખાવ નહિ.

53. ગુસ્સો ન કરો.

54. બીજાની દુનિયા સુધારવામાં તમારી આખેરત ખરાબ ન કરો.

## 8.શા માટે બધા ઈમામો માંથી ઈમામ મોહમ્મદ બાકિર અને ઈમામ સાદિકની હદીસો વધારે જોવા મળે છે અને બીજા બધા ઈમામોથી એ ટલી બધી હદીસો નથી?

જવાબ: કારણ એ છે કે જયારે આ બન્ને ઈમામનો સમય આવ્યો ત્યારે બે ખાનદાન, બે કબીલા, બની ઉમિય્યા (યઝીદ અને માવિયાનું ખાનદાન) અને બની અબ્બાસ (હારૂન અને મામુનનું ખાનદાન) આપસમાં લડી રહ્યુ હતુ જંગ કરી રહ્યું હતુ એટલે બન્ને ઈમામને મૌકો મળે છે અને તેઓ કોઈ પણ રોક ટોક વગર હદીસો બયાન કરી છે અને આપડે સુધી ઈમામોની જેટલી પણ હદીસો પોહચી છે એમાં થી ૭૦% ટકા હદીસો ઈમામ બાકીર અને ઈમામ સાદિક થી નકલ થયેલ છે.

અત્યારના આપણી પાસે વધારે પડતી જે હદીસો છે તે ઈમામ મોહમ્મદ બાકિર અને ઈમામ જાફર સાદિક અલ્યહેમુસ્સલામથી નકલ થયેલ હદીસો છે. બીજા બધા ઇમામોથી ઓછી હદીસો નકલ થવાનો કારણ ટુકમાં જાણવની કોશિશ કરીએ;

1 પહેલા ઈમામ હઝરત અલી ના સમયમાં: એટલે કે રસૂલે ખુદાની શહાદત પછી ઈમામનો જે હક હતો ઈમામને રસુલે પોતાની પછી જાનશીન અને ખલીફા બનાવ્યા હતા તે હક ઈમામ પાસેથી છીનવી લેવામાં આવ્યો અને ઈમામને ૨૫ વર્ષ સુધી ખિલાફતથી દુર રાખવામાં આવ્યા અને ઝાલિમ અને ગાસિબ ખલીફાઓએ બધાજ ઉપર હદીસ બયાન કરવા માટે પ્રતિબંધ મૂકી દીધો હતો, અને જે કોઈ પણ રસૂલની હદીસ બયાન કરતું તેમને સજા આપવામાં આવતી હતી.

બોલો આ લોકો કોણ હતું?

રસૂલના ત્રણ ખલીફાઓએ જે રસૂલની જગ્યા ઉપર બેસીને રસૂલ ની હદીસો ઉપર પ્રતિબંધ લગાડી દીધો.

આ લોકો કેવા ખલીફા હતા? અફસોસ !!!

અને પછી જયારે ઈમામ અલી અ.સ જાહેરી ખલીફા બન્યા ત્યારે તકરીબન પાંચ વર્ષ હુકુમત કરી જેમાં 3 મોટી જંગ થઈ.

તો પણ ઈમામ અલી અ.સ ના ઘણા બધા ખૂતબાઓ, હદીસો અને પત્ર નેહજૂલ બલાગાહમાં છે. તે અત્યારે આપણી પાસે મોજૂદ છે પરંતુ જો ઈમામને પહેલેથી ખિલાફત મળી ગઈ હોત અને હદીસ ઉપર પ્રતિબંધ મૂકવામાં ન આવ્યો હોત તો કેટલી બધી હદીસો આપણા પાસે મોજૂદ હોત.

2:ઈમામ હસન અલય્હિસ્સલામના સમયમાં મુઆવિયાએ બેઈમાની કરીને અને લોકોને પૈસા આપીને ખરીદી લીધા અને ખલીફા બની ગયો એટલે ઈમામ હસન અ.સ આઝાદી સાથે હદીસો બયાન ન કરી શક્યા તો પણ ઈમામે હસનથી ઘણી બધી હદીસો મોજૂદ છે.

3:ઈમામ હુસૈન અલય્હિસ્સલામના સમયમાં પણ મુઆવિયા ખલીફા હતો એટલે ઈમામ હસન ની શહાદત હિજરી સન ૫૦ માં થઈ અને મૂઆવિયાનું મરણ અને જહન્નમ વાસિલ થવાનું વર્ષ હિજરી સન ૬૦ છે, અને જયારે મુઆવિયા મર્યો ત્યારે તેનો નાજાયેઝ દીકરો યઝીદને ખલીફા બનાવી દેવામાં આવ્યો અને પછી હિજરી સન ૬૧ માં કરબલાનો વાકેઓ પૈશ આવ્યો, એટલે ઈમામ હુસૈન પણ આઝાદી સાથે હદીસો બયાન ન કરી શક્યા તો પણ ઈમામ હુસૈનથી ઘણી બધી હદીસો મોજૂદ છે.

4:ઈમામ અલી ઇબ્ને હુસૈન એટલે ઈમામ ઝૈનુલ આબેદીન અલય્હિસ્સલામના સમયમાં ઈમામ હુસૈનની શહાદત પછી લોકો બની ઉમૈય્યાથી એટલા બધા ડરી ગયા હતા કે કોઈ પણ ઈમામ સજ્જાદ પાસે જતું નહીં, ત્યારે ઈમામ સજ્જાદ એક નવો રસ્તો કાઢી લોકો સુધી પયગામ પોહચાડયા એટલે દુઆઓ બયાન કરી અને આપની કિતાબનું નામ સહીફએ સજ્જાદીયા છે જે આજે પણ મોજૂદ છે. તો પણ આવા સંજોગમાં ઈમામ સજ્જાદ અ.સ પાસે અમુક લોકો રાત્રે આવતા અને ઈમામ પાસેથી હદીસો સાંભળતા જયારે કે આઝાદી ન હતી અને આજે 4 ઈમામ થી પણ ઘણી બધી હદીસો મોજૂદ છે.

5,6: ઈમામ બાકીર અલય્હિસ્સલામના સમયમાં હદીસો ઉપર જે પ્રતિબંધ હતો તે ઉમર ઇબ્ને અબ્દુલ અઝીઝ હટાવી દે છે અને આ શખ્સ બીજા બધા ખલીફા કરતાં થોડો સારો ખલીફા હતો.

એટલે ઈમામ બાકીર અલય્હિસ્સલામને  હદીસો બયાન કરવાની આઝાદી મળે છે તો આપ મસ્જિદમાં અને ઘરમાં લોકોને બોલાવી હદીસો બયાન કરતા હતા એટલે બની ઉમૈય્યાના ખલીફા હેશામ બિન અબ્દુલ મલિકને ગવારા ન થયું અને આપને ઝેર આપી શહીદ કરી દે છે  અને અહીંયા ધીમે ધીમે બની ઉમૈય્યાનો સમય ખતમ થઈ રહ્યો હતો અને તેઓ પોતાને બચાવવા માટે કોશિશ કરી રહ્યા હતા અને બની અબ્બાસ ધીમે ધીમે પાવરમાં આવી રહ્યા હતા અને હિજરી સન ૧૩૨ માં બની અબ્બાસ પોતાના હાથમાં ખિલાફત લઈ લે છે, ઈમામ બાકિર પછી ઈમામ

સાદિક એ પણ એવીજ રીતે મસ્જિદોમાં અને ઘરમાં દર્સનો સિલસિલો ચાલુ રાખ્યો અને હજારો શાગિરદ બનાવ્યા. અને જયારે બની અબ્બાસ સરખી રીતે હુકુમત અને ખિલાફતમાં આવી ગયા એટલે તેઓએ પણ બની ઉમૈય્યા જેમ ઈમામો ઉપર ઝુલ્મ અને અત્યાચાર કરવાનું શરૂ કરી દીધું અને ઈમામોને પરેશાન કર્યાં, અને શહીદ કર્યાં.

7,8,9,10,11: માં ઈમામો ઉપર પાછો પ્રતિબંધ લગાડી દેવામાં આવ્યો, બની અબ્બાસના સમયમાં આ બધા ઇમામોનો વધારે પડતો સમય જેલમાં ગુજાર્યો છે અથવા નજરબંધ કરીને રાખવા માં આવ્યા હતા; એટલે ઈમામ કાઝિમ, ઈમામ રઝા, ઈમામ તકી, ઈમામ નકી, અને ઈમામ અસ્કરી અલય્હેમુસ્સલામ સરખી રીતે હદીસો બયાન ન કરી શક્યા તો પણ આ બધા ઈમામોથી ઘણી બધી હદીસો નકલ થયેલ છે અને અત્યારે મોજૂદ છે.

# 9.અલ્લાહથી ડરો

હઝરત અમિરૂલ મોમેનીન અલી ઇબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે:

ડરો! અલ્લાહ થી ડરો, ખુદાની કસમ, અલ્લાહે તમારા ગુનાહોને

એટલા બધા ઢાંકીને અને છૂપાવીને રાખ્યા છે કે તમે એ સમજો છો કે તમને માફ કરી દેવામાં આવ્યા છે.

વઝાહત:

અલ્લાહ લોકોના ગુનાહ અને ભૂલોને છૂપાવીને રાખે છે કારણકે તે સત્તારૂલ ઓયુબ છે.

ઇન્સાન જે ભૂલો કરે છે, ગુનાહ કરે છે તેના બે પ્રકાર છે એક, જે પણ ઇન્સાનમાં બુરાઈ છે જેમકે ઈર્ષા ઘમંડ, રોડ શો, નફરત, મતલબી વગેરે.... આ અંદરના ગુનાહ છે આ બધીજ એ બુરાઈ છે

જે બીજા લોકોને દેખાતી નથી.

અને બીજો પ્રકારના ગુનાહ, એ બુરાઈ જે જાહેરી ગુનાહ છે જે જીભથી અથવા શરીરના બીજા અવયવોથી જાહેર થાય છે.

ઇન્સાન એ ગલત ફેહમીમાં છે હું ગુનાહ ઉપર ગુનાહ કરું છું અલ્લાહ મને કઈ સજા નથી આપતો એટલે હું સાચો છું હવે મારે જે કરવું હોય કરું કારણકે અલ્લાહ મને રોકતો નથી.

અલ્લાહને ત્યાં દેર છે પરંતુ અંધારું નથી. અલ્લાહ બધાને મોહલત અને સમય આપે છે કે તે માફી માંગી લે અથવા સુધરી

જાય તેને નાની મોટી પરેશાની આપે છે જેના થકી તે પાછો અલ્લાહથી નજીક થઈ જાય.

અને બીજી વસ્તુ આપણી જવાબદારી છે કોઈના ગુનાહ આમ (જાહેર) ન કરે અને અલ્લાહે હુકમ આપ્યો છે જો તમે કોઈની બુરાઈ જાણો છો તો તેને જાહેર ન કરો તેની ગીબત ન કરો. કોઈ ની ઉપર તોહમત ન નાખો, શું ખબર તેણે અલ્લાહ પાસે માફી માંગી હોય અને અલ્લાહે તેને માફ કરી દીધો હોય.

અને જે બીજાને માફ કરે છે અલ્લાહ તેને માફ કરી દે છે.

અને જે લોકો સાથે સખ્તી થી વર્તે છે અલ્લાહ પણ તેની સાથે સખ્તી કરશે.

# 10.હક અને બાતિલ વચ્ચે મુનાઝેરો.

હેશામ સહાબીએ ઈમામ સાદિક અલય્હિસ્સલામે એક બાતિલ અને ખોટી વિચારધારા ને કેવી રીતે વાતચીત દ્વારા હલ કરી:

ઈમામનું હોવું જરૂરી છે અને ઈમામને માનવું પણ જરૂરી છે.
ઈમામ વગર આ દુનિયા બાકી નથી રહી શકતી
ઈમામ ન હોય તો ઈન્સાન હિદાયત પ્રાપ્ત ન કરી શકે, ઈમામ સીધો અને સારો રસ્તો દેખાડનાર છે
આ મસઅલાને સમજવા માટે આ વાત સમજવા માટે આપણે અહીંયા ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામના એક ખુબજ મહાન સહાબી કે જેમનું નામ હેશામ હતું તેમનો મુનાઝેરો (ચર્ચા) દર્શાવીએ છીએ:

બસરામાં રેહતા એક વ્યક્તિ કે જેનું નામ ઉમરુ હતું તેની સાથે ચર્ચા થઈ. આ ચર્ચાનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે
ઉમરુ બસરાની જામા મસ્જિદમાં ખોટા અકીદા બયાન કરીને

લોકોને ઈમામથી દુર કરવાની કોશિશમાં હતો. એક દિવસ હેશામ જે ઈમામ સાદીક (અ.સ)ના શાગીર્દ(student) હતા તે પણ મસ્જિદમાં પોહચી જાય છે તો શું જોવે છે ઘણા બધા લોકો ઉમરુની વાતો સાંભળી રહ્યા હતા તો આપ કહે છે કે  શું હું તમને અમુક સવાલ પૂછી શકું છું? તો ઉમરુ કહે છે : હા બિલકુલ પૂછો એટલે અહીંયા સવાલ જવાબ ચાલુ થાય છે.

હેશામ: શું તારી પાસે આંખો છે?

ઉમરુ: આ કંઈ સવાલ છે? આવો બેવકૂફી વાળો પણ કોઈ સવાલ હોય શકે?

હેશામ: મારા સવાલ આવા જ છે તને જવાબ દેવામાં શું વાંધો છે?

ઉમરુ: અચ્છા ભાઈ નારાજ ન થા, જો તારે આવા જ સવાલ પૂછવા છે તો જવાબ આપતો રહીશ, મારી પાસે આંખો છે.

હેશામ: તું આંખો થી શું કરો છો?

ઉમરુ: અરે ભાઈ આ પણ કોઈ પૂછવાની વાત છે તેનાથી જોવું છે અલગ અલગ રંગનો ફરક કરું છું.

હેશામ: શું તમારી પાસે નાક પણ છે?

ઉમરુ: હા, છે પણ શું મતલબ?

હેશામ: મતલબ કઈ નહિ ખાલી બતાવો તેને થી શું કરો છો?

ઉમરુ: તેના થી બધીજ અલગ અલગ વસ્તુની સુગંધ સુંઘુ છું અને

શ્વાસ લવ છું.

હેશામ: શું જીભ છે?

ઉમરુ: હા ભાઈ, આ સવાલનો જવાબ પણ આપુ છું, હા ભાઈ છે.

હેશામ: તેનાથી શું કામ લ્યો છો?

ઉમરુ: તેના થી વાતો કરું છું અલગ અલગ વસ્તુનો સ્વાદ ચાખું છું કે તે મીઠું છે ખારું છે કે કડવું છે ....

હેશામ: શું તારી પાસે કાન પણ છે?

ઉમરુ: હા ભાઈ છે.

હેશામ: તેનો શું ઉપયોગ કરો છો?

ઉમરુ: કાન દ્વારા નજીક અને દૂર ની વાતો સાંભળું છું.

હેશામ: ઠીક છે સારું કેહવાય હવે બોલો હાથ છે?

ઉમરુ: તો ભાઈ આ શું છે આ મારા હાથ છે.

હેશામ: તો પછી હાથથી કાય કામ કરો છો કે નહીં?

ઉમરુ: હા ભાઈ, કોઈ પણ વસ્તુ ઠંડી છે કે ગરમ હાથ થી ખબર પડે છે.

(હેશામ આવીજ રીતે બધીજ વસ્તુ માટે સવાલ કરતા કરતા દિલ સુધી પોહચી ગયા હવે પૂછે છે): દિલ છે કે નહિ અથવા દિલ વગર પૈદા થઈ ગયા?

ઉમરુ: હા ભાઈ દિલ છે, ન હોય તો કોઈ પણ કામ શક્ય નથી, દિલ બધાજ કામો માટે જવાબદાર છે.

હેશામ: દિલ શું કામ કરે છે?

ઉમરુ: દિલ આખા શરીરનો બાદશાહ છે આખા શરીરને કેવી રીતે કંઈ જગ્યા ઉપર વાપરવું તે દિલ કહે છે.

હેશામ: તો બધાજ ભાગો દિલના મોહતાજ છે માણસને જે પણ દિલ કહે તે કરવાનું?

ઉમરુ: હા સાચી વાત છે તેની વગર તો કોઈ કામ શક્ય નથી.

હેશામ: આ શરીરના બધાજ ભાગો સહી સલામત છે તો પછી દિલની શું જરૂર છે?

ઉમરુ: ભાઈ જ્યારે આ શરીરના ભાગો કોઈ પણ વસ્તુમાં શક કરે ત્યારે દિલ તરફ જવું પડે અને પછી જે દિલ કહે તે કરવાનું હોય છે.

હેશામ: તો પછી ઇન્સાનના  શરીરમાં દિલનું હોવું જરૂરી છે કારણકે દિલ વગર શરીરના કોઈ પણ ભાગને યકીન નથી થવાનું?

ઉમરુ : હા હા બિલકુલ સાચી વાત છે દિલ વગર કઈ ન થઈ શકે.

હેશામ: અય "ઉમરુ"! જયારે ખુદાએ આ શરીરના અવ્યવો ને બાદશાહ અને હાકિમ વગર નથી રાખ્યા, તો પછી આ આખી દુનિયાને કેવી રીતે ઈમામ વગર મૂકી દે અને તેમાં રેહતા લોકો માટે હિદાયત હાસિલ કરવાનો બંદોબસ્ત ન કરે.
આ વાત સાંભળી ઉમરુનાં હોશ ઉડી ગયા અને તે ડરતા ડરતા પૂછે છે શું તમે હેશામ છો?

તો હેશામ કહે છે નામથી શું લેવું દેવું પછી બીજા બે ત્રણ સવાલ

પૂછવામાં આવ્યા તમે ક્યાં થી છો કુફાથી આવ્યા છો? જયારે ઉમરુને ખબર પડી કે આ હેશામ છે એટલે તે તરતજ પોતાની જગ્યા ઉપરથી ઉભો થાય છે અને હેશામને તે જગ્યા ઉપર બેસાડે છે અને તે પોતે હેશામની બાજુમાં બેઠી જાય છે અને જ્યાં સુધી હેશામ બેઠા રહ્યા ત્યાં સુધી તે એક પણ શબ્દ બોલ્યો નહીં.

તો આપણે જોયું કેવી સારી રીતે નાના નાના સવાલ કરીને દલીલ અને જવાબ આપીને હેશામે સમજાવ્યું કે ઈમામનું આ દુનિયામાં હોવું કેટલું જરૂરી છે.
અને જયારે આપણી પાસે કોઈ આલિમ આવે તો તેનું માન અને સન્માન કરો તેને મહત્વ આપો, પોતાની જગ્યા ઉપર બેસાડો કારણકે આલિમ તમારી દુનિયા અને આખેરત બન્ને આબાદ કરે છે.

# 11.મદદ

એક વખત ઈમામ હસન અલય્હિસ્સલામ એઅતેકાફમાં બેઠા હતા ત્યારે એક શખ્સ ઈમામ પાસે આવે છે અને ઈમામને કહે છે: મારી ઉપર કર્ઝ છે અને હું કર્ઝ નહિ આપુ તો મને જેલમાં નાખી દેવામાં આવશે.

ઈમામ કહે છે અત્યારે મારી પાસે માલ નથી કે હું તારી મદદ કરી શકું.
તે શખ્સ કહે છે યા ઈમામ તમે જો મારી ભલામણ કરશો તો હું જેલ જવાથી બચી શકું છું.
ઈમામ પોતાના બુટની દોરી બાંધે છે અને તેની સાથે મસ્જિદની બહાર નીકળે છે અને તેની પરેશાની હલ કરી દે છે પછી તે શખ્સ કહે છે યા ઈમામ તમે તો એઅતેકાફમાં હતા?
તો ઈમામ કહે છે મે મારા વાલિદ અને મારા નાનાથી રિવાયત સાંભળી છે કે જયારે કોઈ એક ભાઈ બીજા મુસલમાન ભાઈની મદદ કરે છે અને તેની તકલીફ દૂર કરે છે તો તેણે એક લાખ ચોવીસ હજાર નબિઓ સાથે હજ અને ઉમરાહ કરી હોય એટલો

સવાબ મળે છે.

બીજી રિવાયત માં છે તેણે 9000 વર્ષ રોઝા રાખ્યા અને 9000 વર્ષ રાત્રે ઇબાદત કરી એટલો સવાબ મળે છે.

# 12.હક હંમેશા મઝલુમ રહ્યું છે

ઈમામ અલી અલયહિસ્સલામ હક છે તો પણ ઈમામથી લોકો દૂર રહેતા હતા લોકોને પૂછવામાં આવ્યું શા માટે તમે ઈમામને હુકુમત ન આપી? તો લોકોએ જવાબ આપ્યો: ઈમામ અદાલત અને ન્યાયથી કામ લે છે, અને ન્યાય માટે ખુબજ કડક છે. તો શું ઈમામ આ 25 વર્ષ હુકુમતથી દુર રહ્યા તો આપે અદાલત મૂકી દીધી હતી?

નહિ, ઈમામ જેવી રીતે હુકુમત પહેલા રહેતા હુકુમત પછી પણ એજ રીતે રહેતા હતા એટલે તો ઈમામની શહાદત પછી એક ઈસાઈ લેખક લખે છે ઈમામને શિદ્દતે અદાલતના લીધે શહીદ કરવામાં આવ્યાં હતાં.

ઈમામ બધાને બરાબર હક આપતા, ન કોઈને વધારે અને ન કોઈને ઓછો, હમેશા ઇન્સાફ અને ન્યાયથી કામ લેતા અને આ કાર્ય લોકોને ગમતું નહિ. પણ ઈમામ તો એ કામ કરતા જે અલ્લાહને પસંદ હોય ભલે લોકોને પસંદ આવે કે ન આવે.

રસૂલે ખુદા સ.અ.વ.વ ની હદીસ છે અલી હકની સાથે છે અને હક અલીની સાથે. જે જગ્યા ઉપર અલી જાય છે હક તેની પાછળ પાછળ જાય છે.
નેહજૂલ બલાગાહમાં મોલા અલી અ.સ ફરમાવે છે:
મારા લીધે બે ગ્રુપ હલાક અને બરબાદ થશે,
એક જે મારા ફઝાએલને હદ કરતા વધારી દેશે (ગુલું કરશે), અને બીજા જે મારી શખસીયત અને ફઝાએલને ઘટાડી દેશે, ઓછો કરી દેશે.

તો મતલબ શું થયો, મોલા અલી કહે છે કે વચલો રસ્તો ઇખ્તેયાર કરો તે બરાબર છે. ન કે વધારવા વાળા અને ન ઘટાડવા વાળા.
તો મોલા અલી હક છે અને અદાલત અને ન્યાય આપની રફતાર અને કારકિર્દી છે અને મોલા અલીને જે માને છે તે હકને પસંદ કરે છે હક બોલે છે, ચાહે લોકોને સારું લાગે કે ન લાગે લોકો માને કે ન માને.
હક સૂરજની જેમ છે સૂરજનું કામ શું છે? રોશની આપવું કિરણ દેવું હવે જો લોકો પોતાની બારી દરવાજા બંધ કરીને સૂરજની રોશની લેવા ન માંગે તેમાં સૂરજની ભૂલ નથી જે લોકોએ બારી અને દરવાજા બંધ કર્યા તેઓની ભૂલ છે તેઓને આ રોશની નથી જોઇતી.

હક હમેશા રહ્યું છે અને રેહવાનું છે લોકોને હક નથી જોઈતું એ અલગ વાત છે આજના સમયમાં પણ હક વાત કોઈ સ્વીકારતું નથી અને જયારે પણ કોઈ હક વાત સ્વીકારતું નથી તો ઈમામ હુસૈન અલય્હિસ્સલામની એ વાત યાદ આવે છે જે આપે આશૂરા ના દિવસે કરબલાના મેદાનમાં ફરમાવી હતી: તમારા પેટમાં હરામ ચાલ્યું ગયું છે એટલે તમે હક વાત સમજતા નથી અને તમારા ગળે નથી ઉતરતી.

આજના સમયમાં ઘણા બધા લોકો એવું કામ કરી રહ્યા છે જે ખોટું છે અને બાતિલ છે પરંતુ લોકો આપણા સમાજમાં ખુશી ખુશી તે કામ કરે છે અને આ લોકોને નસીહત કર્યા પછી પણ તેઓને અસર નથી થતી તો એનું કારણ શું હરામ ખોરાક અથવા બીજું કંઈ? તો જયાં સુધી લોકો હરામ ખોરાક ખાતા રહશે તેઓને હક વાત ગમશે નહિ અને હક વાત ઉપર અમલ કરશે નહિ.

અને જે લોકો હરામ ખોરાક નથી ખાતા તેઓને સામે આવી મુકાબલો કરવાની જરૂરત છે કારણકે હદીસમાં છે જે કોઈ બીજાના ગુનાહમાં રાજી અને ખુશ હશે તો તે પણ એ ગુનાહનો ભાગીદાર છે જો કોઈ ગુનાહની સજા થી બચવા માંગતું હોય તો એ બધાજ કાર્યો જે ઇસ્લામમાં હરામ છે અને આપણે ત્યાં લોકો કરે છે તેની મુખાલેફત કરો વિરોધ કરો નહિ તો જયારે અઝાબ આવશે તો પૂરી કોમ ઉપર આવશે, કારણકે તે કોમમાં

કોઈ અમ્ર બિલ મારૂફ કરવા વાળું ન હતું એટલે અલ્લાહ તે કોમ ઉપર અઝાબ નાઝિલ કર્યો.

અત્યારના સમયમાં દુશ્મનો શીઆ કોમ ઉપર ખુબજ વધારે કામ કરી રહ્યા છે અને અત્યારે નહિ હમેશાથી શીઆ કોમ ઉપર દુશ્મનો કામ કરી રહ્યા છે અને પૈસા પણ ખર્ચ કરે છે આપણા અકીદાની સાથે ખિલવાડ કરી રહ્યા છે અને તેમાં નવી નવી વસ્તુ લાવે છે જો આપણો અકીદો મજબૂત હશે તો પછી કંઈ વાંધો નહિ આવે.
બસ અકીદો મજબૂત રાખો હરામ કાર્ય શું છે તેને ઓળખો અને હરામ થી દુર રહો.

# 13. પાંચ ગ્રુપના લોકોને શૈતાન બહેકાવી નથી શકતો:

**હઝરત ઈમામ જાફરે સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે:**

**શૈતાન કહે છે આ પાંચ ગ્રુપના લોકોને હું બેહકાવી શકતો નથી:**

**1. જે કોઈ સાચ્ચા દિલથી ખૂલુસની સાથે અલ્લાહની ઇબાદત કરે અને અલ્લાહ ઉપર પૂરે પૂરો ભરોસો રાખે.**

**2. જે કોઈ રાત દિવસ વધારે માં વધારે તસબીહ પઢે.**

**3. જે પોતાની માટે પસંદ કરે છે તે જ પોતાના મોમીન ભાઈ માટે પસંદ કરે.**

**4. જયારે કોઈ મુસીબત આવે તો સબ્ર કરે, ઉતાવળો ન થાય.**

**5. જે પણ અલ્લાહે અતા કરેલ છે તેની ઉપર શુક્ર અદા કરે અને ગમગીન ન રહે, કે મને કેમ ન આપ્યું.**

-

# 14.ક્યાં કારણથી કબ્રમાં અઝાબ થાય છે અને ક્યાં કારણથી કબ્રમાં અઝાબ નથી થતો.

હઝરત ઈમામ જાફરે સાદિક અલય્હિસ્સલામ અલગ અલગ હદીસોમાં ફરમાવે છે:

અઝાબે કબ્ર તે સખ્તિઓને અને પરેશાનીઓને કેહવામાં આવે છે જે ઈન્સાનની મોત પછી બરઝખમાં તેની કબ્રમાં સહન કરવો પડે છે.

કંઈ વસ્તુથી અઝાબે કબ્ર થાય છે:

1:ચાડી ફૂકવી અહીંયા ની વાત ત્યાં અને ત્યાંની વાત અહીંયા કરવી.

2:તહારત અને નજાસતનું ધ્યાન ન રાખવું.

(નજીસ વસ્તુ ખાવી, નજીસ લોકોના હાથ નું ખાવું, પૈશાબ પછી પાણી ન લેવું)

3-માણસનું વગર કારણે તેની ઘરવાળીથી દુર રેહવું.

4-પોતાના ઘરવાળાઓ સાથે સારો વ્યવહાર ન કરવો.

5 નમાઝને હલ્કી સમજવી (ટાઈમ સર ન પઢવી અથવા અમુક

**વખત ન પઢવી).**

**ઉપર દર્શાવલ કોઈ પણ એક વસ્તુ કરવાવાળાને અઝાબે કબ્ર થશે.**

**અઝાબે કબ્ર ન થવાના કાર્યો:**

1: **ઈમામ હુસૈન અલય્હિસ્સલામની ઝિયારત કરવી.**

2: **નજફમાં વાદીયુસ્સલામમાં દફન થવું.**

3: **અહલેબૈત અ. સ થી મોહબ્બત કરવી અને તેમની ઇતાઅત કરવી.**

4: **જૂમેરાત અને જુમ્માના દિવસે દફન થવું.**

# 15.નમાઝ નુ મહત્વ

**હઝરત ઈમામ જાફરે સાદિક અલય્હિસ્સલામ પોતાના આખરી સમયમાં વસિયત કરતા ફરમાવે છે:**
**જે નામઝને હલ્કી સમજશે તેઓને અમારી શેફાઅત ક્યારેય પણ નસીબ નહિ થાય.**

**નમાઝને હલ્કી સમજવું એટલે શું?**

**નમાઝનો ટાઈમ થઈ જાય પણ આપણે બીજા બધા કામોમાં વ્યસ્ત રહીએ, જયારે અઝાનનો અવાજ સાંભળતા હોઈએ અને નમાઝનો ટાઇમ થઈ ગયો હોય છે તો પણ નમાઝને મહત્વ ન આપીએ, જયારે કે હકીકી શીઆને નમાઝના ટાઈમ ઉપર ઓળખવામાં આવે છે કે તે નમાઝ પઢે છે કે નહિ? જો તે નમાઝ પઢતો હોય તો સમજો કે તે હકીકી શીઆ છે, અને હકીકી શીઆ ની ઓળખાણ ખાલી નમાઝથી થાય છે બીજી કોઈ વસ્તુથી નથી થતી.**

**“કામને કહો નમાઝનો ટાઇમ છે**

**નમાઝને ન કહો કામનો ટાઇમ છે.”**

# 16.ઝકાતે ફિત્રા

હઝરત ઈમામ જાફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે:
નમાઝ સંપૂર્ણ ત્યારે થાય છે જયારે નબી અને આલે નબી ઉપર સલવાત પઢવામાં આવે છે, એવીજ રીતે રોઝાઓ સંપૂર્ણ ત્યારે થાય છે જ્યારે ઝકાતે ફિત્રા અદા કરવામાં આવે

ઝકાતે ફિત્રા ઈદની નમાઝ પેહેલા કાઢી નાખવામાં આવે જેથી આપણા રોઝા સંપૂર્ણ થઈ જાય.

જેટલા લોકો ઘરમાં રહેતા હોય બધાજનો ફિત્રો કાઢવો વાજીબ છે.
ઝકાતે ફિત્રા વ્યક્તિ દીઠ 3 કિલ્લો અનાજ છે આપણે જે ઉપયોગ માં લેતા હોય જેમકે ઘઉં ચાવલ ....
અથવા તેની કિંમત અદા કરવાની હોય છે અને ફિત્રો કાઢ્યા પછી તરતજ મુસ્તહક સુધી પોહચાડવાનો રહશે.

અમુક સવાલ જવાબ:

**સવાલ 1 : ફિત્રાની રકમ હકદાર ને ઓનલાઇન એકાઉન્ટ માં મોકલી શકાય ?**

**જવાબ 1 : મુસ્તહક પાસેથી ઇજાઝત લઈને તેની તરફથી રકમ હાંસિલ કરીને તેને ઓનલાઇન મોકલાવી શકાય છે.**

**સવાલ 2 : પેટમાં રહેલા બાળકનો ફિત્રો વાજિબ છે?**

**જવાબ 2 : નહિ.**

**જો ઇદની રાત્રે ગુરૂબ પહેલા જન્મ થાય તો વાજિબ છે?**

**જો ઇદની રાત્રે ગુરૂબ પછી જન્મ થાય તો એહતિયાતે વાજિબ ની રૂએ તે બાળકનો ફિત્રો આપવો જોઈએ.**

**સવાલ 3 : ઇમામે ઝમાના નો ફીત્રો કાઢી શકાય?**

**જવાબ 3 : ઈમામ ઝમાના માટે સદકો કાઢી શકીએ છે, ફિત્રો ન કાઢી શકીએ.**

**સવાલ 4 : આપડા ઘરે કોઇ ઈદની રાત્રે ઈફ્તાર કરવા આવે તો તેનો ફિત્રો કોની ઉપર વાજીબ છે.**

**જવાબ 4 : જો ખાલી ઈફ્તાર કરવા આવે તો ના, તેનો ફિત્રો વાજિબ નથી.**

**સવાલ 5 : ગેરે સાદાત, સાદાત અને સૈયદને ફિત્રો આપી શકાય?**

**જવાબ 5 : ગેરે સાદાત, સાદાત અને સૈયદ ને ફિત્રો આપી શકે નહિ.**

**ગેરે સાદાત, ખાલી ગેરે સાદાતને ફિત્રો આપવો જોઈએ.**

**સવાલ 6 :  ફિત્રાની રકમ બીજા દેશ પ્રમાણે કાઢી શકાય?**

**જવાબ 6 : જ્યાં રહેતા હોય ત્યાં ફિત્રો કાઢવાનો હોય અને ત્યાંની કિમતનો હિસાબ કરવો જોઈએ.**

**સવાલ 7 : ઝકાતે ફિત્રાની રકમ કોને આપવાની હોય છે?**

**જવાબ 7 :  તે એવા જરૂરતમંદને આપી શકાય છે જેની પાસે પોતાના જીવનજરૂરી ખર્ચની વ્યવસ્થા ન હોય.**

**નોટ: શાદી શુદા ઓરતનો ફીત્રો જો છોકરી ઇદની રાત્રે મગરિબ પહેલા માવતરના ઘરે જાય અને પૂરી રાત તે માવતરના ઘરે રહે તો તેનો ફીત્રો માવતર ઉપર વાજીબ છે.**

**અને જો તે ઇદની રાત્રે ઈફતાર માવતરના ઘરે કરીને, શોહરના ઘરે રાત્રે પછી આવી જાય તો ફીત્રો શોહર ઉપર વાજીબ છે.**

# 17.ખુમ્સ

ઇસ્લામમમાં ખૂમ્સ વાજીબ છે અને ખૂમ્સ ન આપનાર મોટો ગુનેહગાર કેહવાય છે અને તેની ઉપર લાનત મોકલવામાં આવે છે. ખૂમ્સ વાજીબ છે તેનું બયાન કુરાનમાં સૂરએ અન્ફાલ આયત ૪૨ માં થયેલ છે. અને ૧૪ માસુમીન અ.સ ની હદીસોમાં તેની ચોખવટ કરવામાં આવી છે.
ઈમામોના સમયમાં જેઓ સાચા શીઆ હતા અને દિલથી અહલે બૈત અ.સ ને માનતા હતા તેઓ સમજતા હતા કે ખૂમ્સ ન આપવું હરામ છે અને તે હરામ પૈસાનો ખોરાક ખાવા બરાબર નથી, અને કહેતાં હતા કે જો ખૂમ્સ અદા નહિ કરશું તો નમાઝ અને રોઝા કોઈ પણ વસ્તુ કબૂલ નહિ થાય, એટલે આ બધા લોકો સમયસર ઈમામને ખૂમ્સ આપતા પછી ભલે ખુમ્સ આપવા માટે મોટી મોટી તકલીફો ઉપાડવી પડતી.

જેઓ ખૂમ્સ નથી આપતા તેઓની હાલત કયામતના દિવસે ખુબજ ખરાબ હશે તેઓને દર્દનાક અઝાબ આપવામાં આવશે. અહીંયા આપણે અમુક હદીસો બયાન કરશું જેમાં ખૂમ્સનું મહત્વ બયાન કરવામાં આવ્યું છે.

ઈમામ મુસા કાઝિમ અલય્હિસ્સલામ ફરમાવે છે:
તમારા માલમાંથી ખૂમ્સ આપો જેથી તમારો માલ હલાલ થઈ જાય, પછી ઈમામ કહે છે આ વાત લોકો માટે ખુબજ અઘરી છે અને જે સારા અને ઈમાનદાર લોકો હશે તે આ વાત માનશે અને બીજા બધા લોકોને આ વાત ગળા નીચે નહિ ઉતરે.

હઝરત ઈમામ ઝમાના અલય્હિસ્સલામ ફરમાવે છે:

અલ્લાહ અને ફરિશ્તાઓની લાનત થાય છે જેઓ અમારો માલ ખાય જાય છે અને તેને હલાલ સમજે છે, ત્યાર પછી ઈમામ ફરમાવે છે આવા લોકોને અમે, અમારા દુશમન સમજીએ છીએ.

હઝરત અમિરૂલ મોમેનીન અલી ઇબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે:
જે લોકો અમારો હક નથી દેતા તેઓનુ ખાવાનું અને બીજું બધું કામકાજ નાપાક છે અને આ કારણસર તેઓ હલાક થઈ જશે.

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે:
જહન્નમમાં જવા માટેનો સહેલો રસ્તો યતીમનો માલ ખાવો છે

અને અમે યતીમ છીએ ( જે લોકો ખૂમ્સ નથી આપતા તેઓ      ય
તીમનો માલ ખાવા બરાબર છે)

હઝરત ઈમામ જાફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે:

જે દુનિયામાં માલદાર છે તે તકવા અને પરેહેઝગારી ઇખ્તેયાર કરે અને અલ્લાહનો હક અદા કરે અને પોતાના મોમીન ભાઈ ઉપર એહસાન કરે, જો તેઓ આ કાર્ય નથી કરતો તો અલ્લાહ રસૂલ અને અમો એહલેબૈત અ. ને તેઓની કોઈ પરવાહ નથી, અને તેનાથી બેઝાર છીએ.

હઝરત ઈમામ અલી રઝા અલય્હિસ્સલામ ફરમાવે છે:

ખૂમ્સ અમારી મદદ માટે છે તેને અમારાથી દુર ન કરો, નહીં તો અમારી દુઆ થી વંચિત રહશો.

હઝરત ઈમામ ઝમાના અલય્હિસ્સલામ ફરમાવે છે:

કોઈને પણ ઇજાઝત નથી કે તે બીજા લોકોનો માલ ખર્ચ કરે તો પછી લોકો અમારો માલ શા માટે અમારા સુધી નથી પોહચડતા અને તેને ખર્ચ કરી નાખે છે. જે કોઈ અમારી ઈજાઝત વગર અમારો માલ ખર્ચ કરે છે તે મોટો ગુનેહગાર છે કોઈ અમારા

માલમાંથી થોડુક એવું પણ લેશે તો જહન્નમની આગ તેના પેટમાં છે.

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર અલય્હિસ્સલામ ફરમાવે છે: કોઈ માટે હલાલ નથી કે તે ખુમ્સ આપ્યા વગર કોઈ માલની ખરીદી કરે અને જો અમારો હક અદા કરી દિધો તો પછી તેને કંઈ વાંધો નથી.

હઝરત ઈમામ મોહમ્મદ બકીર અલય્હિસ્સલામ ફરમાવે છે: જો કોઈ ગુજરી ગયું અને ખુમ્સ નથી આપ્યું તો જે રીતે બીજા બધા હકો અને માલ આપવાનો તેના વારસદાર ને આપવાનો હોય છે તે જ રીતે ખુમ્સ પણ આપવાનુ હોય છે.

---------------------------------------------------------------

ખૂમ્સ એટલે પાચમો ભાગ જેને વરસમાં કોઈ એક દિવસ નક્કી કરીને આપણા માલમાંથી આપવું વાજીબ છે ખુમ્સ દરેક વ્યક્તિ કે જેઓ આવક રાખતા હોય ચાહે તે મર્દ હોય કે સ્ત્રી બધાજ ઉપર વાજીબ છે.

સાત વસ્તુ ઉપર ખૂમ્સ વાજીબ છે:

1- કમાણી થયેલા નફા ઉપર

2- ખનીજ

3- જમીન માં દટાયેલા ખજાનામાં

4- હલાલ માલમાં હરામ મિક્સ થઈ ગયું હોય

5- દરિયામાં ડૂબકી મારીને ખજાનો મળ્યો હોય

6- જંગમાં દુશ્મનોના માલ ઉપર

7- ઝિમ્મી કાફીર પાસેથી મુસલમાન જમીન ખરીદી હોય

માલમાં ખુમ્સ દર વર્ષે વાજીબ છે અને ઉપર દર્શાવેલ બીજી બધી વસ્તુમાં જ્યારે એ વસ્તુ મળે તરતજ એ વસ્તુનો પાંચમાં ભાગ ખૂમ્સ કાઢવાનો રહશે.

હવે તે ખૂમ્સ નીકળી ગયા પછી તેના બે ભાગ કરવામાં આવશે,

જેમકે આપણી પાસે વર્ષની છેલ્લી તારીખે દસ હજાર રૂપિયા બચ્યા હોય તો તેનું બે હજાર ખૂમ્સ નીકાળવું વાજીબ છે અને તે બે હજારના બે ભાગ થશે,

એક સહમે ઈમામ એટલે કે ઈમામનો ભાગ

બીજો સહમે સાદાત જરૂરત મંદ સય્યદનો ભાગ,

અત્યારે આપણા ઈમામ ગયબતમાં છે એટલે સહમે ઈમામ આપણે જે આયતુલ્લાહની તકલીદ કરીએ છીએ તેને અથવા જે જગ્યા ઉપર આયતુલ્લાહે પરમિશન અને ઇજાઝત આપી હોય

ત્યાં આપણી રકમ આપવાની રહેશે.

જો ખુમ્સની રકમ આપણે હકદાર સુધી નથી પોહચાડી તો તે ખૂમ્સ ન કાઢવા બરાબર છે એટલે જયારે પણ કોઈને સહમે ઈમામ આપો તો પેહલા ઓરીજનલ ઈજાઝો માંગો, ત્યાર પછી તેમને તમારું ખૂમ્સ આપો, અથવા તે આયતુલ્લાહની ઓફિસની રસીદ માંગો જે તે થોડાક દિવસોમાં મંગાવી આપતા હોય છે. આજકાલ લોકો ખોટા ઈજાઝા ઉપર ખૂમ્સ લે છે અથવા તે રકમને અમુક ખાસ જગ્યા ઉપર વાપરવાની ઇજાઝત હોય છે પરંતુ તેઓ પોતાની મરજીથી બધી બાજુ વપરાશમાં લેતા હોય છે તો એવી સંસ્થા અને એવા લોકોથી પરહેજ કરવી જોઈએ.
ખૂમ્સ દિની મદ્રેસા, દિનદાર લોકોને આપો તો તેનો ઉપયોગ સાચો થાય,
(જેઓ દિનદાર અને ખૌફે ખુદા ન રાખતા હોય તેમને આપવાથી બચો, ) મોટી મોટી પાર્ટી જે સંસ્થાઓ ચલાવે છે તે પોતાની મરજીથી ખૂમ્સની રકમ વાપરે છે તો આવા લોકોને આપવાથી બચો.

જેમની પાસે ખૂમ્સના ઇજાઝા હોય છે તે અમુક ખાસ સમય સુધી હોય છે પછી તેની મુદ્દત ખતમ થઈ જાય છે તો પણ અમુક લોકો અને સંસ્થાઓ તેના ઉપર ખૂમ્સ લેતા રહે છે તો ખુમ્સ આપવા પહેલા સરખી રીતે તપાસ કરવું અને ધ્યાન રાખવુ જરૂરી છે.

સરખી રીતે હકદાર સુધી પોહચાડવાનો સારામાં સારા રસ્તો જે પહેલા પણ ઇમામોના સમય માં હતો પોતાના ગામનો એક સારો દિનદાર ઈમાનદાર ઇન્સાન નક્કી કરવામાં આવે, તેને પોતાની ખૂમ્સની રકમ આપવી અને તે પોતે આયતુલ્લાહ સુધી પોહચાડે અને તેમની પાસેથી રસીદ લઈ આવે અને જે લોકોએ રકમ આપી છે તેને રસીદ પાછી આપે એટલે યકીન થઈ જાય કારણકે તે રસીદ આયતુલ્લાહની ઓફિસની હોય છે લોકોએ પોતે બનાવેલ નથી હોતી.
યાદ રાખવું જોઈએ કે ખૂમ્સ આપ્યા વગર હજ અને બીજી ઈબાદતો કબૂલ થતી નથી.
ખૂમ્સ આપ્યા વગર જે કપડાથી નમાઝ પડીએ એ નમાઝ કબૂલ નથી, અને જે જગ્યાએ ઇબાદત કરીએ એ ઇબાદત કબૂલ નથી, રોઝા કબૂલ નથી એટલા માટે કેહવામાં આવ્યું છે કે ખૂમ્સ સમય સર આપો અને તેને હકદાર સુધી તરતજ પોહચાડો અને

**જયાં સુધી તે હકદાર સુધી નથી પોહચ્યું ત્યાં સુધી તમે તેને વાપરી નથી શકતા અને તેમાંથી ઉપયોગ પણ નથી કરી શકતા કેમકે**

**હવે એ તમારો માલ નથી**

**એ સહમે ઈમામ છે અથવા સહમે સાદાત છે.**

# 18. ખાવા પીવાના આદાબ

હઝરત ફાતેમહ ઝહરાઅ સલામુલ્લાહ અલય્હા ફરમાવે છે:

જમવા માટે સુફરા ઉપર બેઠવાના ૧૨ આદાબ છે જો તેની ઉપર બધા મુસલમાન અમલ કરે અને ધ્યાન રાખે તો સારું કહેવાય. તેમાં ચાર વાજીબ છે બીજા ચાર મુસ્તહબ છે અને પછી છેલ્લે ચાર ઉપર જેઓ ધ્યાન રાખે તે મહાન ઇન્સાન છે.

પેહલા ચાર વાજીબ:

1. અલ્લાહની મઅરફત અને ઓળખાણ, જેટલી પણ નેઅમત અને ખોરાક છે તે બધુજ અલ્લાહ તરફથી મળેલ છે.
2. અલ્લાહની નેઅમત ઉપર રાઝી રહેવું
3. હમેશા જમવા પહેલા બિસ્મિલ્લાહ હિર રહમાન નિર રહીમ પઢવું.
4. જમી લીધા પછી અલ્લાહનો શુક્ર અદા કરવો, અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન કહેવુ.

બીજા ચાર મુસ્તહબ:

1. જમવા પહેલા વૂઝુ કરવું
2. ડાબી બાજુ વજન વધારે રાખી બેઠવું

3. બેઠીને જમવું

4. જમતી વખતે ત્રણ આંગળીનો ઉપયોગ કરવો.

એ ચાર વસ્તુ જે ઇન્સાનને મહાન બનાવે છે

1. જે જમવાનું પોતાની પાસે હોય તેનો ઉપયોગ કરવો.

2. નાના, નાના લૂકમાં લેવા.

3. ચાવીને ખાવવું.

4. જમતાં-જમતાં બીજા લોકો સામે ન જોવું.

ખાવા પીવાના આદાબ આયતુલ્લાહ સિસ્તાની સાહબની

તોઝીહુલ મસાએલ માંથી

જમવા ના મુસ્તહબ આદાબ:

1- જમવા પહેલા બન્ને હાથ ધોવા.

2- જમવા પછી હાથ ધોયને લૂછવા.

3 -

મહમાન આવે તો પહેલા મહેઝબાન ખાવાનું શરૂ કરે અને જ્યાં સુધી મેહમાન ખાય ત્યાં સુધી તેનો સાથ આપે. અને જમ્યા પછી

મહેઝબાન પેહલા હાથ ધોવે અને પછી જે તેની જમણી બાજુમાં

હોય તે અને તેની પાછળ જેટલા ભી જમણી બાજુ વાળા હોય તે,

અને પછી મેહઝબાન ની ડાબી બાજુ વાળા અને એની પાછળ

લાઈન માં જે બધા હોય તે આવે અને ધોવે.

4-જમવા પેહલા બિસ્મિલ્લાહ બોલે અને એક સુફરા ઉપર અનેક

ખોરાક હોય તો દરેક ખોરાક લેવા પહેલા બિસ્મિલ્લાહ બોલે.

5-જમણા હાથ થી ખાય.

6-

ત્રણ આંગળી અથવા ત્રણ થી વધારે આંગળી થી ખાય, બે આં ગળી થી ન ખાય.

7-

જો સુફરા ઉપર અમુક લોકો બેઠા છે તો બધાજ પોતાની પાસે જે વસ્તુ હોય તે ખાય.

8- નાના નાના લૂકમાં બનાવીને ખાય.

9- સુફરા ઉપર વધારે સમય બેઠે અને જમવામાં સમય લગાડે.

10- સરખી રીતે ચાવીને ખાય.

11- ખાય લીધા પછી અલ્લાહનો શુક્ર કરે

12 - ખાય લીધા પછી આંગળીઓ ચૂસે.
13- ખાય લીધા પછી દાંત સાફ કરે.
(એટલે જે દાંત માં ફસાઈ ગયું હોય તે કાઢે.)

14-

જે ખોરાક નીચે પડી ગયો હોય તેને સાફ કરી ખાય લે, પરંતુ જો ગામ ની બહાર ખાવા ગયા હોય તો જે પડી ગયું છે તેને ન ખાય અને ન લે, તેને પક્ષીઓ અને જાનવરો માટે રેહવા દેય.

15-

સવારે વેહલા અને રાત્રે વેહલા ખાય, દિવસમાં વચલા સમયે અને રાતના વચલા સમયે ન ખાય.

16-

જમ્યા પછી સુવું હોય તો સીધા સુવે અને ડાબા પગ ઉપર જમણો પગ રાખે

17- જમ્યા પેહલા અને પછી નમક ચાખે.

18- ફ્રૂટ ખાવા પેહલા તેને ધોવે.

જમવા બાબતે અમુક નહુસત કે જેની મનાઈ કરવામાં આવેલ છે:

1- ભરેલા પેટ જમવાનુ ન જમે.

2- ફૂલ પેટ ભરીને ન ખાય હદીસ માં છે કે અલ્લાહ બધાજ કરતા વધારે તે લોકોથી નફરત કરે છે જેનું પેટ ફૂલ ભરેલું હોય છે.

3- જમતી વખતે બીજા લોકો સામે ન જોવે.

4- ગરમ ગરમ ખાવું.

5- જે વસ્તુ ખાય અથવા પીવે, તેની ઉપર ફૂક મારવું.

6-

સુફરા ઉપર રોટલી આવી જાય તો બીજી કોઈ વસ્તુ ની રાહ જોવી.

7- રોટલીને ચાકુ અથવા ચાકુ જેવી વસ્તુથી કાપવી.

8- ખાવાના વાસણ નીચે રોટલી રાખવી.

9- હાડકાની અંદર ચિપકેલા ગોશ્ત ને વધારે પડતું ચૂંસવુ.

10- જે ફ્રૂટ છાલ સાથે ખાવાના હોય તેની છાલ કાઢવી.

11- ફ્રૂટ માં બગાડ કરવો એટલે અડધું ખાય ફેંકી દેવું.

પાણી પીવાના આદાબ

1- ધીમે ધીમે પાણી પીવું.

2- દિવસના ઊભા રહી પાણી પીવું

3-

પાણી પીવા પેહલા બિસ્મિલ્લાહ અને પાણી પીવા પછી અ લ્હમદોલિલ્લાહ કેહવુ.

4- ત્રણ ઘૂટ માં પાણી પીવું.

5- શોખ થી પાણી પીવું (ખુશી ખુશી પીવું)

6-

પાણી પીધા પછી ઈમામ હુસૈન અલય્હિસ્સલા ને યાદ કરી ઈમામના દુશ્મન ઉપર લાનત મોકલવાની.

પાણી પીવા માટે જે નહુસત છે અને મનાઈ કરવામાં આવી છે

1- વધારે પાણી પીવું

2- ચરબી વાળો ખોરાક લીધા પછી પાણી પીવું.

3- રાત્રે ઊભા રહીને પાણી પીવું.

4- ડાબા હાથથી પાણી પીવું

5- તૂટેલા વાસણ માં પાણી પીવુ.

જો બિસ્મિલ્લાહ ન બોલયું તો શૈતાન તે સુફરા ઉપર જમવા આવે છે?

હઝરત રસુલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ ફરમાવે છે:

જ્યારે કોઈ સુફરો પાથરે છે ત્યારે ચાર ફરિશ્તાઓ તે સુફરાની આજુ બાજુ આવી જાય છે અને ઇન્સાન બિસ્મિલ્લાહ બોલી ખાવાનું શરૂ કરે છે ત્યારે ફરિશ્તાઓ શૈતાન ને કહે છે અય નાલાએક, ઝલીલ અને રૂસ્વા થયેલા અહીંયાથી ચાલ્યો જા. તને આ સુફરા ઉપરથી કંઈ નહિ મળે. અને જયારે ઇન્સાન ખાય લે છે અને શુક્રે ખુદા કરે છે, અલ્હમ્દોલિલ્લાહ કહે છે ત્યારે ફરિશ્તાઓ કહે છે આ કેવા સારા બંદાઓ છે જે અલ્લાહની નેઅમત ઉપર શુક્ર કરે છે.

અને જયારે કોઈ બિસ્મિલ્લાહ વગર જમવાનું શરૂ કરે છે ત્યારે એ ચાર ફરિશ્તાઓ શૈતાનને કહે છે અય ફાસિક આવી જા, આ લોકોની સાથે ખા, અને જયારે તેઓ ખાય લે અને અલ્લાહનો શુક્ર ન કરે તો ફરિશ્તાઓ કહે છે કે આ લોકો કેવા છે જે નેઅમતો આ લોકોએ ખાધી તે અલ્લાહની હતી તો પણ આ લોકોએ અલ્લાહ નો શુક્ર અદા ન કર્યો.

**એક બીજી હદીસમાં આવ્યું છે કે**

**હઝરત ઈમામ જાફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે:**

**જયારે કોઈ જમવા બેઠે છે અને બિસ્મિલ્લાહ કહે છે તો શૈતાન પોતાના સાથીઓને કહે છે: ચાલો અહીંયાથી બહાર નીકળો અહીંયા આપણી માટે જમવાની અને રેહવાની જગ્યા નથી અને જયારે કોઈ બિસ્મિલ્લાહ કહેતાં ભૂલી જાય છે અથવા નથી કહેતું ત્યારે શૈતાન પોતાના સાથીઓને કહે છે ચાલો આપણે અહીંયા રહીએ, અહીંયા આપણા રહવાની અને ખાવાની જગ્યા છે.**

# 19. સુવાના આદાબ

1. હઝરત ઈમામ જાફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે:
જે કોઈ સુવા પેહલા જનાબે ફાતેમા ની તસ્બીહ (અલ્લાહુ અકબ ર34, અલ્હમ્દોલિલ્લાહ 33, સુબહાન અલ્લાહ 33) પઢશે તો તેની

ગણતરી એવા લોકો માં થશે કે જેણે ખુબજ વધારે અલ્લાહ નો ઝિક્ર (યાદ) કરેલ છે.

2. હઝરત ઈમામ જાફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે:
મોમીન જમણી બાજુ કિબ્લા સામે મોઢુ રાખી સુવે છે.

કુરાન અને હદીસ થી અમુક પોઇન્ટ નીચે દર્શાવામાં આવ્યા છે જે કોઈ ને કિતાબ નો હવાલો જોવે અથવા ન સમજાય તો પૂછી શકે છે:

રાતને અલ્લાહે આરામ માટે અને સૂવા માટે બનાવી છે તો રાત ના
જલ્દી સુઈ જવાની ટેવ હોવી જોઈએ

અફસોસ એ છે કે આજકાલ આપણા સમાજ માં રાત ના લોકો જાગે છે અથવા મોડે મોડે સુવે છે જયારે પારકા આપણી હદીસો

ઉપર અમલ કરી રાત્રે જલ્દી સુવે અને સવારે જલ્દી ઉઠીને હલાલ કામ ધંધા માં લાગી જાય છે.....

1-
રાત્રે સૂવા પહેલા જરૂર ખાવ પરંતુ થોડુક ખાવ, વધારે ખાવાથી શરીર ને તકલીફ પોહચે છે.

2- રાત્રે સૂવા પહેલા બ્રશ જરૂર કરે મોઢુ સાફ કરીને સૂવે.

3- રાત્રે સૂવા પહેલા ટોયલેટ માં જરૂર જાય.

4-
રાત્રે સૂવા પહેલા વૂઝુ જરૂર કરે જો કોઇ રાત્રે વૂઝુ કરીને સૂવે છે તો તેને આખી રાત મસ્જિદ માં ઇબાદત કરવાનો સવાબ મળે છે.

5- રાત્રે સૂવા પહેલા આયતલ કુર્સી પઢે.

6- ચાર કુલ પઢે.

7- કુરાને મજીદ ના જે સુરા આવડે તે પઢીને સુવે.

8- રાત્રે જલ્દી સુવે.

9- ફજર ની અઝાન થી લઇ સૂરજ નીકળે ત્યાં સુધી ન સુવે.

10- એકલા ન સુવે.

11-
અગાસી માં જ્યાં આજુ બાજુ માં દીવાર ન હોય ખુલ્લી જગ્યા હોય ત્યાં ન સુવે.

12- નિંદર પૂરી થાય એટલું સુવે, વધારે ન સુવે.

13- સૂતી વખતે કિબ્લાં સામે પગ અને મોઢુ હોય તો સારું.

14-

જો કોઈ દુઆ અને સુરા ન આવડતા હોય તો ખાલી
બિસ્મિલ્લાહ પઢીને જરૂર સુવે.

# 20.ઈમામ ઝમાનાનાં ઝહુરની નિશાનીઓ

ઈમામ ઝમાનાનાં ઝહુરની નિશાનીઓમાં અમુક એવી નિશાનીઓ જે જરૂરી છે એટલે જરૂર થશે, અને અમુક ગેર જરૂરી છે એટલે મુમકિન છે આ નિશાનીઓ જોવા મળે અથવા જોવા ન પણ મળે.

ઈમામે ઝમાનાનાં ઝહુરની નિશાનીઓમાં જે જરુરી છે તે:

1- ખૂરૂજે સુફયાની (આ ગ્રુપ જંગનું એલાન કરશે.)

2- ખુરૂજે યમાની (બીજું એક આ ગ્રુપ જંગનું એલાન કરશે.)

3- ખુરૂજે ખુરાસાની (અને આ ગ્રૂપ પણ જંગનું એલાન કરશે.)

4- આસમાન થી એક ફરિશ્તાની અવાજ આવશે કે ઈમામનો ઝહુર થઈ ગયો છે

5- નફસે ઝકિય્યાનું કતલ થવું અને શહીદ થવું

6- બેયદાઅ નામની જમીન ઉપર સુફ્યાની લોકોનું એક સાથે જમીનની અંદર ધુસી જવું.

ઈમામે ઝમાનાનાં ઝહુરની ગેરે જરૂરી નિશાનીઓ; જે જરૂરી

નથી કે થાય, જે ઘણી બધી બયાન થયેલ છે પરંતુ અહીંયા આપણે અમુક ખાસ નિશાનીઓ બયાન કરશું:

1- યાજુજ અને માજુજનું દીવાર પાછળ થી બહાર નીકળવું
2- સૂર્ય અને ચંદ્ર ગ્રહણનું વધારે થવું
3- ગુનાહ કરનાર લોકોના ચેહરા જાનવરો જેવા થવા.
4- લોકોનું એક બીજા સાથે લડાઈ કરવી અને લોહી બહાવવું
5- લોકોનું જલ્દી એટલે જવાનીમાં મરી જવું
6- શામ અને ઈરાકમાં લડાઈ
7- ફિતનો અને ફસાદ વધારે થવા.
8-અમ્ર બિલ મારૂફ અને નહિ અનિલ મુનકર કરવાનું બંધ થઈ જશે.
9- વ્યાજ ખોરી વધી જશે.
10-સગા સંબંધીઓ સાથે વાત ચીત બંધ કરી દેવાશે.
11-દિન અને મઝહબની વાતોને મહત્વ આપવામાં નહીં આવે
12-બાતિલનું વધી જવું અને હકનું ઓછું થવું
13-ખુલ્લે આમ ગુનાહ કરવું.
14-મોમીનને ઝલિલ સમજવામાં આવશે.
15-હરામ ને હલાલ, અને હલાલ ને હરામ કરી દેવામા આવશે.

16-

લોકોને તેઓનો મનપસંદ ઇસ્લામ પેશ કરવામાં આવશે અને હકીકી દિન બયાન કરવામાં નહિ આવે.

17-રિશવત વધી જશે.

18-ઓરતોની હુકુમત થશે એટલે મર્દ ઉપર ઓરત રાજ કરતી હશે.

19-શરાબ અને જુગાર વધી જશે.

20-હરામ કમાયેલી દોલત ને હરામ માનવામાં નહિ આવે.

# 21. આખેરી ઝમાના ની (કયામત પેહલા ની) 50 નિશાની

**હઝરત ઈમામ જાફરે સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે:**

**છેલ્લા સમયે (એટલે કયામત આવવાની પહેલા ) બચીને રહો અને અલ્લાહ પાસે નજાત માંગો કે આ સમયે તમામ પરેશાનીઓથી બચીને રહો (એ સમયે ઈમામ ઝમાના અ. ત. ફ.શ . નો ઝહુર થવાનો સમય હશે)**
**પછી ઈમામ અ.સ તે છેલ્લા સમયની નિશાનીઓ બતાવે છે:**

1. **ત્યારે ઝુલ્મ સિતમ અને અત્યાચાર બધી બાજુ ફેલાઈ જશે**

2. **કુરાન ઉપર ધૂળ ચડી ગઈ હશે અને લોકો કુરાનની બદલે બિદઅત ઉપર અમલ કરશે**

3. **અલ્લાહના એહકામ ભૂલી જશે અને તેને ખાલી વાસણ જેવા બનાવી દેવામાં આવશે કે જેને ઊંધું કરીને રાખી દેવામાં આવ્યું હોય**

4. **ત્યારે બાતિલ અને ખોટા લોકો હક ને માનનારથી આગળ નીકળી જશે**

5. **માણસો, માણસો થકી અને ઓરતો ઓરતો થકી પોતાની ઈચ્છા પૂરી કરશે**

6.ઈમાનદાર લોકો ચૂપ બેઠા રેશહે.

7. નાના બચ્ચાઓ મોટા લોકોનો એહતેરામ નહિ કરે

8. સગા સંબંધીઓ એક બીજા સાથે વ્યવહાર નહિ રાખે

9. લોકોના ખોટા વખાણ કરી ચાપલૂસી કરવામાં આવશે

10. ખુલ્લે આમ શરાબ પીવામાં આવશે

11. સારા કાર્યો માટે રસ્તા બંધ થઈ જશે અને ખરાબ કાર્યો થવા લાગશે અને લોકોનું ધ્યાન ખરાબ કામોમાં વધારે હશે

12. હલાલને હરામ કરી દેવામાં આવશે અને હરામને હલાલ કરી દેવામાં આવશે.

13. અલ્લાહના દીન, દીનના કાયદા અને કાનૂનને લોકો પોતાની મરજી પ્રમાણે ચલાવશે.

14. દીનદાર લોકો પાસેથી આઝાદી છીનવી લેવામાં આવશે અને તેઓ ખાલી દિલમાં વિરોધ કરી અફસોસ કરી શકશે.

15. લોકો પોતાનો માલ અલ્લાહની નાફરમાની અને ગુનાહના કાર્યોમાં ખર્ચ કરશે

16. રિશવત લેવું આમ થઈ જશે

17. સત્તાની ખુરશીઓ હરાજી દ્વારા આપવામાં આવશે

18. અમુક લોકો પોતાની પત્નીને વેચી પૈસા કમાવશે

19. ખરાબ જગ્યા ઉપર ફરવા જશે અને કોઈની હિમ્મત નહિ હોય કે તેઓને રોકે.

20. ખુલ્લે આમ જુગાર રમવામાં આવશે (સત્તાવાર રીતે)

21. લોકોને કુરાન અને દીનની વાતો સાંભળવી નહિ ગમે

પણ નકામી અને ગુનાહ વાળી વાતો ગમશે

22. પાડોશી પોતાના પાડોશીથી ડરશે અને ડર વાળી

ઈજ્જત કરશે

23. મસજીદોને જવાહેરાત થકી સજાવશે

24. અલ્લાહ માટે હજ કરવા નહિ જાય (લોકો ને દેખાડવા

માટે જશે)

25. લોકોના દિલ કઠણ થઈ જશે અને લાગણીઓ મરી જશે

26. લોકો જીતનારની સાથે થઈ જશે (પછી ભલે તે હક ઉપર હોય કે બાતિલ)

27. જેઓ હલાલ કમાતા હશે તેઓની નિંદા થશે અને જેઓ

હરામ કમાતા હશે તેઓના વખાણ થશે

28. મક્કા મદીનામાં રમવા કૂદવાના સાધન મળશે (સંગીત

મ્યુઝિક વગેરે..)

29. જો કોઈ અમર બિલ મઅરૂફ અને નહિ અનિલ મુનકર કરશે

તો તેને કેહવમાં આવશે કે આ તારું કામ નથી

30. મસ્જિદ એવા લોકો થી ભરેલી રહશે જેઓ અલ્લાહથી ડરતા નહિ હોય.

31. લોકો ફકત પેટ માટે અને હવસ માટે ઝીંદગી ગુજારશે

32. દુનિયા ભેગી કરવાના સાધનો વધી જશે અને લોકો દુનિયાને આસાનીથી હાસિલ કરી શકશે

33. લોકો પોતાની પત્ની બેઈમાન લોકોના હવાલે કરી દેશે

34. હકનું પરચમ નબળું પડી જશે અને લોકો હકનો સાથ નહિ આપે.

35. જંગના લીધે સારી જગ્યાઓ વિરાન થઈ જશે

36. વજનમાં માપ તોલ ઓછું કરી લોકો પૈસા ભેગા કરશે.

37. લોકો પાસે દોલત તો ખુબજ વધારે હશે પણ કદી ઝકાત નહિ આપી હોય

38. લોકો સાંજે અને સવારે નશા માં મસ્ત હશે

39. લોકો એક બીજા ઉપર ધ્યાન રાખશે અને ફાસિકો અને ગુનેહગારોથી સિખશે.

40. દર વર્ષે નવી બિદઅત અને નવા ગુનાહ સામે આવશે.

41. દોલતમંદ લોકોની પેરવી કરશે

42. જાહેરમાં ખુલ્લેઆમ ગુનાહ કરશે

43. રાહે ખુદામાં ખર્ચ નહિ કરે અને બીજી બધી જગ્યા ઉપર મન ફાવે પૈસા ઉડાડશે.

44. અમુક લોકો તો એવા હશે કે જો એક દિવસ ગુનાહે કબીરા ન કરે તો પરેશાન થઈ જશે (ગુનાહ આદત બની ગયા હશે અને ગુનાહ નહિ કરે તો તેને નહિ ગમે)

45. સત્તા ઔરતોના હાથ માં આવી જશે

46. મુનાફિક લોકોને ફાયદો પોહચાડશે અને ઈમાનદાર લોકો સાથે કોઈ નહિ હોય.

47. ન્યાયાધીશો ખોટા ફેંસલા આપી અલ્લાહની વિરુધ જશે

48. મિંબર ઉપરથી તકવા અને પરહેઝગારીની દાવત આપવામાં આવશે પરંતુ પોતે તેની ઉપર અમલ નહિ કરે.

49.લોકો નમાઝના સમયનું ધ્યાન નહિ રાખે.

50. લોકોની મદદ અલ્લાહ માટે નહિ કરે, પાર્ટી અને સબંધ જોઈ કરવામાં આવશે.

# 22.શિયાઓની સાત નિશાનીઓ

હઝરત અમિરૂલ મોમેનીન અલી ઇબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે:

1. અમારા શિયાઓ અમારી વિલાયતમાં એક બીજા માટે ખર્ચ કરે છે

2. અમારી મવદ્દતમાં એક બીજાથી મોહબ્બત કરે છે

3. અમારા હુક્મને જીવતો રાખવા માટે એક બીજાની મુલાકાત કરે છે

4. જયારે તે ગુસ્સામાં આવી જાય ત્યારે તે ઝુલ્મ અને અત્યાચાર  નથી કરતા

5. અને જયારે તે ખુશ હોય ત્યારે તે વધારે પડતો ખર્ચ નથી કરતા

6. પાડોસીઓ માટે બરકતનું કારણ બને છે

7. મળવા આવે તેવા લોકો માટે સલામતી અને તંદુરસ્તીની ઈચ્છા ધરાવે છે.

# 23. અમુક ખાસ હદીસો

**બેહતરીન ઝિંદગી કેવી રીતે ગુજારવી?**

**હઝરત ઈમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે:**

**જે કોઈ પણ સારી નિય્યત રાખે છે તેની રોઝી માં વધારો થાય છે.**

**જે કોઈ પોતાની ફેમિલી સાથે સારી રીતે વર્તાવ કરે છે તો તેની ઝિંદગી લાંબી થાય છે.**

**જે કોઈ અલ્લાહ ઉપર ભરોસો કરે છે તે કદી પણ હારતો નથી.**

**જે કોઈ ગુનાહ ના સમયે અલ્લાહ ની પનાહમાં ચાલ્યો જાય તે કદી પણ હારતો નથી (એટલે તે શૈતાન થી અને ગુનાહો થી બચીને રહે છે)**

**નેઅમતોનો વધારો અલ્લાહ તરફથી ઘટતો નથી પરતું જ્યારે ઇન્સાન શુક્ર કરવાનું બંધ કરી દે છે(તો જે અલ્લાહ નો શુક્ર બંધ કરી દે છે તો તેની નેઅમતો પણ બંધ થઈ જાય છે)**

**રાત્રે સૂવા પહેલા આ ચાર વસ્તુ પઢે:**

**હઝરત ફાતેમા ઝહરા સલામુલ્લાહ અલય્હા કહે છે : જયારે હું રાત્રે બિસ્તર ઉપર સૂવા જઈ રહી હતી ત્યારે મારા બાબા હઝરત**

રસૂલે ખુદા સલ્લલાહો અલય્હે વ આલેહી વ સલ્લમ આવ્યા અને કહ્યું આ ચાર કામ અંજામ આપ્યા વગર ન સૂવો:

1-કુરાન ખતમ કરો

2-નબીઓને પોતાને શફીઅ બનાવો

3-મોમીનોને ખુશ કરો

4-અને હજ અને ઉમરાહ કરો

તો જનાબે ફાતેમા ફરમાવે છે યા રસુલૂલ્લાહ આ ચાર કામ હું અત્યારે કેવી રીતે અંજામ આપુ? ત્યારે રસૂલે ખુદા હંસે છે અને ફરમાવે છે જયારે બિસ્તર ઉપર જાવ ત્યારે

1-ત્રણ વખત સૂરએ તોહીદ (કુલ હોવલ્લાહો અહદ) પઢો પુરૂ કુરાન પઢવાનો સવાબ મળશે.

2-
જયારે મારી ઉપર અને બધાજ નબી ઉપર સલવાત પઢશો એટલે બધાજ નબી શફાઅત કરશે.

3-જયારે બધાજ મોમીનો માટે ઇસ્તેગફાર કરશો તો તેઓ બધા રાજી અને ખુશ થઈ જશે

4-અને જયારે

سُبْحانَ اللهِ وَ الْحَمْدُ لِلّهِ وَ لا إِلَهَ إِلاَّ اللهُ وَ اللهُ أَكْبَرُ

સુબહાન અલ્લાહે વલ્હમ્દો લિલ્લાહે વ લા ઈલાહા ઇલ્લલ્લાહો વલ્લાહો અકબર પઢશો તો હજ અને ઉમરાહ કરવાનો સવાબ મળશે.

પાંચ ભલામણ:

હઝરત અમિરૂલ મોમેનીન અલી ઇબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે:

તમને એવી પાંચ વસ્તુઓની ભલામણ કરવામાં આવે છે કે જો તેને મેળવવા માટે ઊંટને ઝડપી હકાવીને પહોંચવાનું કહેવામાં આવે તો પણ પહોંચજો:

1- તમારા માંથી કોઈ પણ માણસ અલ્લાહ સિવાય બીજા કોઈ પાસે ઉમ્મીદ ન રાખે.

2- પોતાના ગુનાહ સિવાય બીજા કોઈથી ન ડરે.

3-

જો તમને કોઈ વસ્તુનો સવાલ કરવામાં આવે અને જો તમે તેના વિષે ન જાણતા હોય તો "હું નથી જાણતો" કહેવામાં ન શરમાવવું.

4- જો કોઈ વસ્તું ન જાણતા હોય તો તેને શીખવામાં ન શરમાવવું.

5-

સબરને અપનાવો કારણકે સબરનો ઈમાન સાથે એવોજ રિશ્તો છે જેવો માથાનો શરીર સાથે હોય છે, જો માથું ન હોય તો શરીર

બેકાર છે, એજ પ્રમાણે જો સબર ન હોય તો ઈમાનમાં કાંઈ ખૂબી નથી.

(મન લા યહઝરહુલ ફકીહ ભાગ ૨ પેજ ૧૯૮ હદીસ ૨૦૧૮)

(મીઝનુલ હીકમત ભાગ ૧૫ પેજ ૬૮,૬૯,૭૦)

(બિહારૂલ અનવાર ભાગ ૪૭ પેજ ૨)

(વસાએલુશ શીઆ ભાગ ૬ પેજ ૨૨૧)

(અલ્અવાલિમ ભાગ ૧૧ પેજ ૬૨૯)

(અલમવાએઝુલ અદદીયા પેજ ૧૪૨)

(બુલબુલે બુસ્તાને આલે મોહમ્મદ શૈખ એહમદ કાફી પેજ 230)

(કાફી ભાગ ૨ પેજ ૨૩૬)

(વસાએલુશ શીઆ ભાગ ૯ પેજ ૪૮૪)

(વસાએલુશ શીઆ ભાગ ૯ પેજ ૫૪૦-૫૪૧)

(વસાએલુશ શીઆ ભાગ ૯ પેજ ૪૮૩)

(વાફી ભાગ ૧૦ પેજ ૩૩૭)

.(વાફી ભાગ ૧૦ પેજ ૨૮૯)

(વાફી ભાગ ૧૦ પેજ ૩૩૪)

(વસાએલુશ શીઆ ભાગ ૯ પેજ ૫૪૧)

(વાફી ભાગ ૧૦ પેજ ૩૩૭)

(ઊર્વતુલ વુસ્કા કિતાબ ખૂમસ પેજ ૫૦)

(નેહજુલ બલાગહ હિકમત નં ૮૨)

(મન લા યહઝરહુલ ફકીહ ભાગ ૩ પેજ ૩૫૫)

(અલ્મુહાસિન ભાગ ૨ પેજ ૪૩૨)

.(એલલુશ શરાએઅ ભાગ ૨ પેજ ૫૯૭)

(બિહારૂલ અનવાર ભાગ ૬૮ પેજ ૫૪)

(બિહારૂલ અનવાર ભાગ ૧ પેજ ૩૦)

(બિહારૂલ અન્વાર ભાગ ૨૨. પેજ ૧૭૬)

(બિહારૂલ અન્વાર ભાગ 52 પેજ 256-260)

(નેહજુલ બલાગાહ હિકમત નં 30)

(અલ્ખેસાલ ભાગ ૧ પેજ ૨૮૫)